CITYNEWSRAJKOT@GMAIL.COM | @City News Rajkot live | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 19


# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 08, Dt. 08-05-2026 (FRIDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789





# ગુજરાત S.Tનું ગુપ્ત ‘ખાનગીકરણ’?
# 1200 બસ ભાડે લેવા ‘ખેલ’

- **દર મહિને 13 કરોડનું ભાડુઃ જાહેર પરિવહન પર ખાનગી કબજો ?**
- **બસો નહીં હવે ડ્રાઈવર–કંડક્ટર પણ આઉટસોર્સિંગથી ચાલશે ?**
- **અઢી વર્ષમાં ભાડામાં આવી શકે 250 નવી બસો**
- **250 બસ નવી ખરીદવા માટે 350 કરોડનો ખર્ચ થાય**
- **એસ.ટી. તંત્ર 250 બસ ભાડે ચલાવી દર મહિને ખાગી કંપનીને 13 કરોડ લેખે વર્ષના 166 કરોડ ચૂકવી રહ્યું છે**

**સિટી ન્યૂઝ@વડોદરા**

એસટીની નવી એસી અને વોલ્વો બસમાં બેસતા જ મુસાફરોને થાય કે ભાડે ગયેલી રાજ્યની પરિવહન સેવા હવે સુધરી રહી છે. પરંતુ જનતાની જાણ બહાર અધિકારીઓની કેબિનોમાં કંઈક બીજું જ રાંધાઈ રહ્યું છે. હાલ રાજ્યના માર્ગો પર દોડતી એસટીની પ્રીમિયમ ગણાતી ૨૫૦ જેટલી બસ નિગમે ખાનગી ટ્રાવેલ્સ કંપનીઓ પાસેથી ભાડે લીધેલી છે. જેના માટે દર મહિને ૧૩ કરોડ જેટલું તોતિંગ ભાડું ચૂકવાય છે. એસટી કર્મચારી સંગઠનના સૂત્રોના જણાવ્યા મુજબ હજુ ૧,૨૦૦ જેટલી નવી બસ ખાનગી ટ્રાવેલ્સ પાસેથી ભાડે લેવા નિર્ણય કરાયો છે. લોકોનું આરોગ્ય અને શિક્ષણ ખાનગી કંપનીઓના હાથમાં સોંપી દીધા બાદ હવે સરકાર PPP મોડલના રૂપકડા નામે સિફતતાપૂર્વક જાહેર પરિવહનનું પણ ખાનગીકરણ કરી રહી છે. અત્યાર સુધી બસનું ઉત્પાદન ખાનગી કંપનીઓને સોંપાયું હતું. પરંતુ હવે તો બસ ખરીદવાની જગ્યાએ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ ખાનગી બસ ભાડે લઈ ચલાવવા લાગ્યું છે! હાલ એસી અને વોલ્વો જેવી ૨૫૦ પ્રીમિયમ બસ ભાડે ચાલે છે. જેના માટે પ્રતિ કિમી કંપનીને રૂ. ૨૬થી ૬૩ સુધી ચૂકવાય છે.

## ST બચાવો લડતના એંધાણ
## ST ખાનગીકરણ સામે 25 મેથી આંદોલન : યુનિયનોનું એલાન

એસ.ટી. નિગમમાં વિવિધ સેવાઓનું થઈ રહેલ સતત ખાનગીકરણ સામે છેલ્લા કેટલાક દિવસોથી વિરોધ કરી રહેલા એસ. ટી. કર્મચારીઓનાં ત્રણે માન્ય યુનિયનોએ અંતે ખાનગીકરણનાં નિર્ણય સામે લડતનો ધોકો પછાડયો છે અને તા.૨૫/૫થી રાજય વ્યાપી લડતનું એલાન કરી દીધુ છે. ત્રણે યુનિયનોએ એસટીમાં થઈ રહેલા ખાનગીકરણને અટકાવવા માટે રાજયના મુખ્યમંત્રી અને ના મુખ્યમંત્રી પાસે પત્ર દાદ માંગી છે અને ખાસ પત્ર પાઠવી જણાવેલ હતું કે ગુ. રા. મા. વા. વ્ય.નિગમ (એસટી નિગમ) ખાતે સર્વિસો/શીડયુલોના કેન્સલેશાન સંદર્ભે ૨૦૦૦ ડ્રાઈવર અને ૨૦૦૦ કંડક્ટર ખાનગી એજન્સી મારફતે કોન્ટ્રાક્ટર બેઈઝ ઉપર લેવા નિગમ દ્વારા હાલ કાર્યવાહી ચાલી રહી છે. નિગમના કર્મચારીઓ આચર્યજનક કાર્યક્રમો થકી તા.૨૫/૫થી સ્વયંભુ આંદોલન કરશે.

### શબ્દો એક હકીકત બીજી : ભાજપના ધારાસભ્ય જુઠ્ઠા !

# મુસ્લિમોના મત નથી લીધા : સોમાણી તમે જ છો 'મત'ની ભીખ માંગી રહ્યા છો



## જીતુ સોમાણીના દેખાડવાના અને ચાવવાના દાંત જૂદા-જૂદા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વાંકાનેર સ્થાનિક સ્થળની ચૂંટણીનાં પરિણામો બાદ હવે પદાધિકારીઓની વરણી કરવા માટેની ગતિવિધિ ચાલી રહી છે તેવા સમયે ચૂંટણી પહેલા બનેલો એક વાંકાનેરના ધારાસભ્યનો વિડીયો હાલમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે જેમાં વાંકાનેરના ધારાસભ્ય શહેરમાં આવેલ માર્કેટ ખાતે ભાજપના કાર્યકરો સાથે બેઠેલા હોય તેવું જોવા મળે છે અને ત્યાં એક વ્યકિત તેઓની પાસે આવે છે અને તે દલડી ગામનો રહેવાસી છે અને તેને ૫૦ વીઘા જમીન છે અને ધારાસભ્યએ પાણી છોડાવ્યું જેથી તેઓને સાથે  છે તેવી વાત કરીને ભાજપને મત આપવાની વાત કરતો હોય છે જોકે, સામા પક્ષેથી ધારાસભ્ય જીતુ સોમાણીએ ભાજપ નહીં પરંતુ કોંગ્રેસને મત આપવાનું તે વ્યકિતને કહેતા હોય તેવું સાંભળવા અને જોવા મળી રહ્યું છે જેથી કરીને આ વાઇરલ વિડીયોના



કારણે મોરબી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

દરમિયાન વાયરલ થયેલ વિડીયો બાબતે ધારાસભ્ય જીતુભાઈ સોમાણીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, જે વિડીયો વાયરલ કરવામાં આવ્યો છે તે વિડીયો બનાવનાર વ્યકિત પ્યોર કોંગ્રેસી વ્યકિત છે અને ભાજપને મત આપવાની ટીખળ કરવા માટે તે મારી પાસે આવ્યો હતો ત્યારે તેણે આ વિડીયો બનાવ્યો છે જેથી મેં પણ તેની ટીખળ કરતા કોંગ્રેસને જ મત આપવા માટે તેને કહ્યું હતું.

જો કે, હાલમાં આ વિડિયોને જાણી જોઈને સોશિયલ મીડિયામાં વાયરલ કરીને ભાજપ તથા મને નુકસાન કરવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જેથી આગામી સમયમાં આ સમગ્ર ઘટનાના મૂળ સુધી તપાસ કરાવીને આ વિડિઓ બનાવવા અને વાયરલ કરવામાં જેની પણ સંડોવણી સામે આવશે તેની સામે લીગલ એકશન લેવાનો છો તેના માટેની મારી તૈયારી ચાલી રહી છે.


વધુમાં ધારાસભ્યનો સંપર્ક કરતા જણાવ્યું હતું કે, મેં પણ તેની ટીખળ કરી હતી અને કોંગ્રેસને જ મત આપવા માટેનું કહ્યું હતું. અને મેં ક્યારેય વિધર્મીઓના મત લીધા નથી, મારે વિધર્મીઓના મત જોતા નથી અને આ વિડીયો જાણી જોઈને બનાવીને વાયરલ કરવામાં આવ્યો હોવાથી તેના મૂળ સુધી જઈને મને તેમજ ભાજપને નુકસાન કરનારાઓની સામે આગામી સમયમાં હત્પં લીગલી એકશન લઈશ તેવુ ધારાસભ્યએ જણાવ્યું છે.

## રાજકોટના DEO માત્ર મંજીરા જ વગાડે છે

# મોદી સ્કૂલમાં ‘માફિયારાજ’ વેકેશનમાં વાલીઓની સહી લઈને કલાસ!

### DEOના પરિપત્ર, સંચાલક મંડળની તાકીદ છતાંય મોદી સ્કૂલ વેકેશન બેચમાં તગડી ફી ઉઘરાવી હોવાથી બેચ ચાલુ રાખવા વાલીઓ ઉપર સહમતિ પત્રમાં સહી કરાવી ‘ખેલ’ પાડી દીધો



Date : 07-05-2026

To
The Principal,
Modi School, Rajkot

Greetings,
This is to inform you that my son/daughter ................................................
is studying in Std. 11/12 Science. They have to appear for state/national level competitive examinations such as JEE/NEET/GUJCET for admission into the best engineering and medical colleges in Gujarat/entire country. My child is entirely dependent on the school's educational methodology, whereas other students are coaching-dependent and prepare for studies throughout the year.
In order to ensure that my child does not lag behind in national-level competitive exams for their bright career, I/we humbly request and give our consent to provide additional academic preparation on Sundays/holidays/during vacations as per the requirement without charging any extra fees.


Father's Name : .................................... Sign. : ....................
Mother's Name : .................................... Sign. : ....................
Fathar's Mo. No. : .................... Mother's Mo. No. : ....................

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં “વેકેશન બેચ” વિવાદ હવે વધુ ગરમાયો છે. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા વેકેશન અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હોવા છતાં અને ખાનગી શાળા સંચાલક મંડળે શનિવારથી શાળાઓ બંધ રાખવાની જાહેરાત કર્યા બાદ પણ કેટલીક ખાનગી શાળાઓ હજુ નિયમોથી ઉપરવટ જઈ રહી હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

તાજી ઘટનામાં રાજકોટની મોદી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને એક પત્ર આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે, જેમાં વાલીઓની સહમતિ સાથે વેકેશન દરમિયાન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવા માટે સહી માંગવામાં આવી હોવાનું કહેવાઈ રહ્યું છે. આ મુદ્દે વિદ્યાર્થી વર્તુળો અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂત એ આ મામલે કડક પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, “રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા વેકેશન, જિલ્લા શિક્ષણ અધિકારીના પરિપત્ર અને ખાનગી શાળા સંચાલક મંડળની તાકીદ બાદ પણ જો શાળાઓ વેકેશનમાં અભ્યાસ ચાલુ રાખવા માટે વાલીઓ પાસેથી સહમતિ પત્ર ભરાવી રહી હોય, તો એ સ્પષ્ટ રીતે નિયમોની અવગણના છે.



તારીખ : ૦૭ / ૦૫ / ૨૦૨૬

પ્રતિ આચાર્યશ્રી,
મોદી સ્કૂલ – રાજકોટ

જય ભારત સાથ જણાવવાનું કે મારો પુત્ર/પુત્રી................................................ આપની શાળામાં અભ્યાસ કરે છે. બોર્ડના મહત્વના વર્ષમાં રીઝલ્ટ સારું આવે ઉપરાંત તેનો પાયો મજબૂત થાય તે માટે જાહેર રજા / રવિવાર / વેકેશન દરમિયાન સ્કૂલ તરફથી વિના મૂલ્યે વિદ્યાર્થીઓને અભ્યાસ અર્થે બોલાવવા અમારી વિનંતી અને સહમતી છે.

પિતાનું નામ : .................................... સહિ : ....................
માતાનું નામ : .................................... સહિ : ....................

## મોદી સ્કૂલો સરકારના નિયમોની ઐસી તૈસી કરી ચૂંટણી ફંડના નામે નેતાઓને પણ પોતાની તરફેણમાં લઈ લીધા

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી સમગ્ર મામલે માત્ર “મુખપ્રેક્ષક” બની બેઠા છે. સતત વિરોધ, રજૂઆતો અને વિદ્યાર્થીઓની ફરિયાદો છતાં નિયમ ભંગ કરતી શાળાઓ સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે ખાનગી શાળા સંચાલકો બેફામ બન્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

આ સાથે કોંગ્રેસ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી પર સીધા પ્રહાર કરતા તેમને “નમાલા અને ડરપોક” ગણાવી ખાનગી શાળા સંચાલકોના “કઠપૂતળી” તરીકે કામ કરતા હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કોંગ્રેસે જણાવ્યું કે જો શિક્ષણ તંત્ર ખરેખર ગંભીર હોય તો નિયમ ભંગ કરતી શાળાઓ સામે તાત્કાલિક તપાસ અને દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ.

વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ચર્ચા છે કે સરકારના નિયમો અને જાહેર સૂચનાઓ બાદ પણ જો શાળાઓ પોતાની મનમાની ચાલુ રાખે છે, તો આખરે આવા ખાનગી સ્કૂલ સંચાલકો પર લગામ કોણ લગાવશે ?

કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો વેકેશન દરમિયાન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાનો પ્રયાસ બંધ નહીં થાય, તો વિદ્યાર્થીઓના હિતમાં ઉગ્ર આંદોલન અને શાળાઓ સામે હલ્લાબોલ કાર્યક્રમ કરવામાં આવશે.



### ચોમાસા પહેલા જ તૂટશે ઘરો ! હજારો પરિવાર પર સંકટ

# હાઉસિંગ બોર્ડના ભયજનક આવાસો પર બુલડોઝર તૈયાર?

## ભયજનક મકાનોમાં રહેતા લોકો માટે રેડ એલર્ટ જાહેર




જાહેર નોટિસ
કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
ગુજરાત હાઉસીંગ બોર્ડ, પંડિત દિન દયાળ નગર રંગોલી પાર્ક કોલોની,
નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ-૨ પાસે,
કોસ્મોપ્લેક્ષ સિનેમા સામે, કાલાવડ રોડ, મોટામવા રાજકોટ
ગુજરાત હાઉસીંગ બોર્ડ

ગુજરાત હાઉસિંગ બોર્ડની રાજકોટ, ભાવનગર, અમરેલી, કચ્છ, પોરબંદર, દેવભૂમિદ્વારકા, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર,જુનાગઢ, ગિરસોમનાથ, બોટાદ જિલ્લાની જૂની અને પ્રાથમિક દ્રષ્ટિએ જર્જરિત જણાતી યોજનાઓમાં બોર્ડના એક્ટ પ્રમાણે એકવાર મકાન/ફ્લેટ ની સોપણી લાભાર્થીને કરવામાં આવે ત્યારબાદ રીનોવેશન/રિપેરિંગની કામગીરી જે તે મકાન ધારક દ્વારા જ કરવાની રહે છે.ગુ.હા.બોર્ડ એક્ટની કલમ-૭૫ મુજબ ગુ.હા. બોર્ડ દ્વારા બનાવેલ અને રાજ્ય સરકારશ્રીએ મંજુર કરેલ રેગ્યુલેશન મુજબ રીપેરીંગ અને મેઈન્ટેનન્સ ની જવાબદારી લાભાર્થીઓ/એસોસીએશનની જ રહે છે. ગુજરાત હાઉસિંગ બોર્ડની રહેતી નથી. જે વિગત આપના એસોસિએશનની રચના સમયે થયેલ બંધારણની જોગવાઈઓને સુસંગત છે." તેમજ જી.ડી.સી.આર-૨૦૦૪ મુજબ બિલ્ડીંગ મેન્ટેનન્સ સમયાંતરે માલિક દ્વારા જ કરવાનું રહે છે. બી.પી.એમ.સી એક્ટ-૧૯૪૯ સેક્સન-૨૬૮ મુજબ Power of Commissioner to vacate any Building certain circumstances if the Building or part thereof is in a ruinous dangerous condition within meaning of section-264 જી.પી.એમ.સી એક્ટ મુજબ સત્તાની રૂએ સ્થાનિક સત્તામંડળ જે આપની યોજના અત્યંત જર્જરીત અને ભયજનક જણાતી હોય તો તેઓ ને જાણ કરી તુરંત વસવાટ બંધ કરી શકે છે. જેથી આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ સંભવિત જાનહાનિ ટાળી શકાય. જે મુજબ રાજકોટ શહેરની ડેરીલેન્ડ ખાતેની (૧)૪૫૬ LIG આકાશદીપ આવાસ, (૨)૧૨૦ MIG(જૂના) (૩)૪૮ MIG (૪)૧૨૦ MIG(નવા) તથા ૧૪૪ LIG લક્ષ્મીવાડી કોલોની તથા હસનવાડી ખાતેની કોલોની તથા આનંદનગર ખાતેની (૧)૪૮ EWS ગ્રૂપ-C (૨)૨૪ EWS ગ્રૂપ-B (૩)૨૪ EWS ગ્રૂપ-A (૪)૭૨ ફ્લડ (૫) ૧૪૪ ફ્લડ (૬) ૩૦૭ હુડકો (૭) ૧૪૪ EWS (૮) ૪૮ SIT, પોરબંદર શહેરની કમલાબાગ ખાતેની ૧૨૦ એલ.આઈ.જી. અને રાજ મહેલ રોડ ખાતેની ૨૪ SIT, સુરેન્દ્રનગર શહેરની ૧૦૮ MIG કૃષ્ણનગર કોલોની, જુનાગઢ શહેરની હવેલીવાડી કોલોની, મોરબી શહેરની સનાળા રોડ ખાતેની ૪૯૮ MIG કોલોની તથા જેતપુર શહેરની ૧૪૪ LIG તાકૂડીપરા અને ૨૪ SIT તથા વેરાવળ શહેરની ૨૪ SIT ભાલકા કોલોની તથા ગાંધીધામ શહેરની ૫૧૨ KFTZ કોલોની વગેરેમાં આવેલ જર્જરિત મકાનોમાં વસવાટ સત્વરે બંધ કરવા જણાવવામાં આવે છે. અને જો તેમ છતાં પણ વસવાટ બંધ કરવામાં નહીં આવે તેમજ રહેણાંક આવાસમાં અનઅધિકૃત કોમર્શીયલ વપરાશથી જો કોઈ અનિચ્છનીય બનાવ બનશે તો તે અંગે જે તે

### રાજકોટ મનપાના સહયોગથી ભયજનક આવાસોમાંથી પરિવારો ખસેડાશે, જરૂર પડે ત્રીજા તબક્કામાં ડીમોલેશન કરાશે : વિજય ગરચર

## રાજકોટ સહિત 12 જિલ્લામાં જર્જરિત આવાસ ખાલી કરવાનો આદેશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ચોમાસા પૂર્વે રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ શાખાએ પ્રી મોન્સુન કામગીરી અંતર્ગત ૮૬૬ જેટલા જર્જરિત અને ભયજનક મકાનો-ફ્લેટોને નોટીસ ફટકારવામાં આવી છે.ત્યારે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ૨ પાસે આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડ કચેરી દ્વારા એક જાહેર નોટીસ ઈશ્યુ કરાઈ છે. જે મુજબ રાજકોટ, ભાવનગર,અમરેલી,કચ્છ, પોરબંદર,સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, જુનાગઢ, ગીર સોમનાથ, બોટાદ જીલ્લાની જૂની અને પ્રાથમિક દ્રષ્ટીએ જર્જરિત આવસોને તત્કાલ ખાલી કરવા સુચના અપાઈ છે.

જાહેર નોટિસમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ગુજરાત હાઉસિંગ બોર્ડના એક્ટ મુજબ એકવાર મકાનનો કબજો લાભાર્થીને સોંપાયા બાદ તેની જાળવણી, રિપેરિંગ અને મેઈન્ટેનન્સની તમામ જવાબદારી જે-તે માલિક અથવા એસોસિએશનની રહે છે. GDCR-૨૦૦૪ મુજબ પણ બિલ્ડિંગનું મેઈન્ટેનન્સ સમયંતરે માલિકે કરવાનું હોય છે. જો મકાન ખાલી ન કરવામાં આવે અને કોઈ અનિચ્છનીય બનાવ બને, તો તેની સંપૂર્ણ અંગત જવાબદારી રહેવાસીની રહેશે, બોર્ડ કે સરકારની કોઈ જવાબદારી રહેશે નહીં.

ગુજરાત હાઉસિંગ બોર્ડના કાર્યપાલક ઈજનેર વિજય ગરચર દ્વારા ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યું છે કે અમારી નોટીસો ઈશ્યુ થઇ ગઈ છે. રાજકોટ મનપાની મદદથી ભયજનક આવાસમાંથી પરિવારજનોને ખસેડવામાં આવશે.આ બાદ જરૂર પડે ત્રીજા તબક્કામાં અથવા ભાવી સમયમાં આવાસોનું ડીમોલેશન કરાશે

### ખાલી કરાવવા પાત્ર જર્જરિત આવાસોની યાદી

- રાજકોટઃ શહેરની ડેરીલેન્ડ ખાતેની ૪૫૬ LIG આકાશદીપ આવાસ, ૧૨૦ MIG (જૂના/નવા), ૪૮ MIG, ૧૪૪ LIG લક્ષ્મીવાડી કોલોની, હસનવાડી, આનંદનગર (EWS ગ્રુપ-A, B, C), ૩૦૭ હુડકો અને SIT કોલોની.
- જેતપુરઃ ૧૪૪ LIG તાકુડીપરા અને ૨૪ SIT કોલોની.
- મોરબીઃ સનાળા રોડ પર આવેલી ૪૯૮ MIG કોલોની.
- વેરાવળઃ ૨૪ SIT ભાલકા કોલોની.
- જૂનાગઢઃ હવેલીવાડી કોલોની.
- સુરેન્દ્રનગરઃ ૧૦૮ MIG કૃષ્ણનગર કોલોની.
- પોરબંદરઃ કમલાબાગ ખાતેની ૧૨૦ LIG અને રાજમહેલ રોડ પાસેના ૨૪ SIT આવાસો.
- ગાંધીધામઃ ૫૧૨ KFTZ કોલોની.

### રૈયા રોડ પર બસ રોકી દેતા ટ્રાફિકજામ સર્જાયો

# રાજકોટમાં 'લોયર' મહિલાનો રસ્તા પર હંગામો

## સ્કૂટર આડુ રાખી બસ રોકી મહિલા બેકાબુઃ એસ.ટી. ડ્રાઈવરે મહિલા વિરુધ્ધમાં લેખિતમાં ફરિયાદ નોંધાવી














**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં વહેલી સવારે એક મહિલા દ્વારા સર્જાયેલા હંગામાના કારણે રૈયા રોડ વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. માહિતી મુજબ, હનુમાનમઢી ચોક સિગ્નલ પાસે લોયર લખેલી સ્કૂટર ચલાવતી મહિલાએ એસટી બસની સામે સ્કૂટર ઉભી રાખી રસ્તો અટકાવી દીધો હતો.

મહિલાએ બસના ડ્રાઈવર અને કંડક્ટર સાથે ઉગ્ર વાદવિવાદ કરી ગાળો ભાંડી હતી. ઘટનાસ્થળે હાજર નાગરિકોમાંથી એક વ્યક્તિએ વીડિયો બનાવતા મહિલાએ તેને પણ ધમકી આપી હોવાની વિગતો સામે આવી છે.

આ ઘટનાના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો અને લોકોમાં પણ ચકચાર મચી ગઈ હતી. સમગ્ર મામલો ગાંધીગ્રામ પોલીસ મથક સુધી પહોંચ્યો છે, જ્યાં એસટી બસના ડ્રાઈવરે મહિલાના વિરુદ્ધ લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે અને આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# ભાજપમાં ચૂંટણી જીતેલા નેતાઓના પરિવારોને સંગઠનના હોદ્દા છોડવા ફરમાન !

**પાર્ટી ડિસિપ્લિન પર ભારઃ** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જીતેલા ઉમેદવારોના પરિવારમાંથી કોઈ સંગઠન હોદ્દા ઉપર વ્યક્તિએ રાજીનામું આપવું પડશે

## ભાજપનો મોટો નિર્ણય

## રાજકોટ શહેર અને જિલ્લા ભાજપમાં 50થી વધુ નેતાઓને રાજીનામા આપવા પડશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં સંગઠન સંરચના અને સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે પરિવારવાદને જાકારો આપવાના હેતુથી ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા એવી મહત્વપૂર્ણ જાહેરાત કરાઇ હતી કે જે વ્યક્તિના પરિવારમાંથી અન્ય કોઇ પરિવારજન સંગઠનમાં હોદ્દા ઉપર હશે તે પરિવારના અન્ય સભ્યને હોદ્દો અપાશે નહીં. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે એવી જાહેરાત કરાઇ હતી કે જેમના પરિવારમાં થી કોઈ વ્યક્તિ સંગઠનમાં હોદ્દા ઉપર છે તેમ છતાં તેમના પરિવારમાંથી કોઈને ટિકિટ અપાઇ છે તો ચૂંટણી જીત્યા બાદ તે પરિવારના સંગઠનમાં હોદ્દા ઉપર રહેલા વ્યક્તિએ રાજીનામું આપવું પડશે. વિશેષમાં સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ જિલ્લા ભાજપમાં જો પ્રદેશના ઉપરોક્ત નિયમોની કડક અમલવારી કરવામાં આવશે તો તાલુકા તેમજ જિલ્લા લેવલે કુલ અંદાજે ચાલીસથી પચાસ જેટલા નેતાઓએ સંગઠન માળખામાંથી રાજીનામા આપવા પડશે અને નવેસરથી નિમણૂકો કરવી પડશે. હાલ તો પ્રદેશથી લઈને સ્થાનિક સ્તર સુધી સમગ્ર ભાજપ પી.એમ.ના તા.૧૧-મે ના સોમનાથ કાર્યક્રમને લઈને તૈયારીઓમાં વ્યસ્ત છે અને તેવા કારણોસર જ પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની મિટિંગ પણ મોકૂફ રહેતા મહાપાલિકા, નપા, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતમાં નવા પદાધિકારીઓની વરણીની પ્રક્રિયા પણ વિલંબિત થઇ છે. અલબત્ત આ પ્રક્રિયા પૂર્ણ થયેથી રાજીનામા લેવાનો દોર શરૂ થશે તેમ જાણવા મળે છે.

# પરાબજારમાં સાકરટેટી બદલાવવા મુદ્દે વેપારી-શેઠ પર હિચકારો હુમલો

**બપોરે પોલીસે સમાધન કરાવ્યું,સાંજે કારમાં આવેલા ત્રણેય શખ્સોએ હથિયારો સાથે આતંક મચાવ્યો**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સિંધી કોલોનીમાં રહેતા અને પરાબજારમાં ફ્રુટની લારી ચલાવતા જયપ્રકાશ ચુનીલાલ નારવાણી (ઉ.વ. ૩૨) પાસેથી બુધવારે સાંજે ત્રણ અજાણ્યા શખ્સો ૧૦૦ રૂપિયાની ૩ કિલો સાકરટેટી લઈ ગયા હતા. ગુરુવારે સાંજે આ શખ્સો કાપેલી ટેટી સાથે આવ્યા હતા અને ટેટી ખરાબ હોવાનું કહી બદલાવવા જીદ કરી હતી.જયપ્રકાશે ૨૪ કલાક બાદ ટેટી ન બદલાય તેમ કહેતા બોલાચાલી થઈ હતી. તે સમયે પોલીસની ગાડી ત્યાંથી નીકળતા હુમલાખોરો ભાગી ગયા હતા, પરંતુ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ તેઓ કાર લઈને ફરી આવ્યા હતા અને જયપ્રકાશ પર ધોકાથી તૂટી પડ્યા હતા.હુમલો થતા દેકારો મચી ગયો હતો. આ સમયે નજીકમાં જ રહેલા જયપ્રકાશના શેઠ સોયેબભાઇ અહેમદભાઇ મોટાણી (ઉ.વ. ૩૨) વચ્ચે પડ્યા હતા અને જયપ્રકાશને બચાવવા પ્રયાસ કર્યો હતો. જોકે, ઉશ્કેરાયેલા હુમલાખોરોએ સોયેબભાઈને પણ ધોકા વડે બેફામ માર માર્યો હતો. બંને લોહીલુહાણ થતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા, જેને પગલે હુમલાખોરો કારમાં બેસી નાસી છૂટ્યા હતા.ઈજાગ્રસ્ત જયપ્રકાશ અને સોયેબભાઈને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલ ચોકી દ્વારા આ મામલે એ-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે.

## કાલુપૂર સ્વામિનારાયણના સંપ્રદાયના આચાર્ય કૌશલેન્દ્ર પાંડેનું નિવેદન



# જો ભગવાન ન મળ્યા હોત તો અમે છપૈયામાં ચડ્ડી પહેરીને બીડીઓ પીતા હોત...

### ધર્મના ઓઠે અહંકાર? સ્ટેજ પરથી અપશબ્દો બોલતા આચાર્ય સામે સોશિયલ મીડિયામાં ફિટકાર

### રાજકીય રક્ષણના કારણે કાર્યવાહીમાં ઢીલ? સામાન્ય નાગરિક હોત તો અત્યાર સુધી જેલના સળિયા પાછળ હોત

### કાલુપુર ગાદીના આચાર્ય કૌશલેન્દ્ર પાંડેનો અત્યંત વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

કાલુપુર સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય કૌશલેન્દ્ર પાંડે ફરી એકવાર પોતાના વિવાદાસ્પદ નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં તેઓ સ્ટેજ પરથી અત્યંત વિવાદાસ્પદ વાણીવિલાસ કરતા જોવા મળી રહ્યા છે. તેમણે કહ્યું કે, 'જો ભગવાન ન મળ્યા હોત તો અમે છપૈયામાં ચડ્ડી પહેરીને બીડીઓ પીતા હોત અને સાધુઓ સિદ્દી સૈયદની જાળી પાસે વીંટીઓ વહેંચતા હોત.' આ નિવેદન સામે આવતા જ લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. એક ધર્મગુરુના પદે બેસીને આવી અભદ્ર અને નિમ્ન સ્તરની ભાષાનો પ્રયોગ કરવો તે કેટલા અંશે યોગ્ય છે, તેવો પ્રશ્ન અત્યારે સમાજમાં પૂછાઈ રહ્યો છે. શ્રદ્ધાળુઓ માટે જેઓ આદર્શ હોવા જોઈએ, તેમના મુખેથી આવા શબ્દો શોભતા નથી.

આ ઘટનાએ સમાજમાં ધર્મગુરુઓની ભૂમિકા અને તેમની ગરિમા પર અનેક સવાલો ઉભા કર્યા છે. આચાર્ય પાંડેના આ નિવેદનને તેમની માનસિકતા અને સંસ્કારો સાથે જોડવામાં આવી રહ્યું છે. કહેવાય છે કે ધર્મગાદી પર બેસનાર વ્યક્તિએ પોતાના શબ્દોની મર્યાદા જાળવવી જોઈએ, પરંતુ અહીં તો જાણે અહંકાર બોલી રહ્યો હોય તેમ જણાય છે. આ નિવેદનથી એવું ફલિત થાય છે કે તેમને મળતી સુખ-સાહ્યબી માત્ર ભગવાને આપેલી છે, બાકી તેમની અસલિયત કંઈક અલગ જ હોત.

કળિયુગમાં જ્યારે પાખંડની પૂજા થતી હોવાની વાતો વહેતી થઈ છે, ત્યારે આસારામ કે રામપાલ જેવા ઉદાહરણો વચ્ચે આચાર્યનું આવું વર્તન લોકોની આસ્થાને ઠેસ પહોંચાડી રહ્યું છે. શું આ પ્રકારની વિચારધારા ધરાવતી વ્યક્તિ ખરેખર ધર્મગુરુ કહેવાવાને લાયક છે?

આ પહેલીવાર નથી જ્યારે કૌશલેન્દ્ર પાંડેએ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હોય. અગાઉ પણ તેમણે "બદનામ હુઆ તો ક્યાં હુઆ, નામ તો હુઆ" જેવી વાતો કરીને પોતાની વિચારધારા પ્રદર્શિત કરી હતી. વધુમાં, તેમણે અગાઉ પોતાના અનુયાયીઓને ઉશ્કેરવાના પ્રયાસો કર્યા હોવાના વીડિયો પણ સામે આવ્યા હતા. છતાં, પોલીસ કે સરકાર દ્વારા તેમની સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. રાજકીય મતબેંકના કારણે ધર્મસત્તા સામે રાજસત્તા મૌન ધારણ કરી લે છે, તેવો આક્ષેપ પણ અહીં થઈ રહ્યો છે. જો કોઈ સામાન્ય નાગરિક આવું નિવેદન આપે તો તેની સામે તુરંત ગુનો દાખલ થાય છે, પરંતુ આચાર્યના કિસ્સામાં કાયદો જાણે લાચાર દેખાઈ રહ્યો છે.

ધર્મગુરુઓ જ્યારે બેફામ વાણીવિલાસ કરે છે ત્યારે તેની સૌથી ખરાબ અસર સમાજના યુવાધધન અને ભોળા અનુયાયીઓ પર પડે છે. જે ગુરુઓ પર લોકો આંધળો વિશ્વાસ મૂકે છે, તેઓ જ્યારે આવી હલકી કક્ષાની વાતો કરે ત્યારે સમાજમાં કયો દાખલો બેસશે? જો આચાર્ય પોતે જ સ્વીકારતા હોય કે ભગવાન ન હોત તો તેઓ બીડીઓ પીતા હોત, તો તેમના અનુયાયીઓ તેમની પાસેથી કયા સદ્દગુણો શીખશે? કાયદાએ તમામ માટે સમાન હોવું જોઈએ અને ધર્મની આડમાં ઉશ્કેરણી કરનારાઓ સામે પગલાં લેવા જોઈએ. અત્યારે તો એવું લાગે છે કે આચાર્ય અને તેમના પરિવારને કોઈની શરમ કે લાજ રહી નથી, અને તેઓ બિન્દાસ્તપણે પોતાની અસલિયત સ્વીકારી રહ્યા છે, જે ખરેખર દુખદ છે.

## ધીરુ ગજેરાએ કહ્યુંઃ નવું ખોડલધામ 'સમાજ વિરોધી'

# લેઉવા પાટીદારોમાં 'રામાયણ'?

## ઉદ્યોગપતિ પૈસાના જોરે આસ્થાના કેન્દ્રોના ભાગલા પડ્યા એ નિંદનીય : ગજેરા



### માત્ર ભવનો બનાવવા કે શક્તિ પ્રદર્શન કરવાથી સમાજનું ભલુ નથી થવાનું

- કડવા પાટીદાર સમાજે જે રીતે 'ઉમિયાધામ'ને એક રાખીને સંગઠન શક્તિ બતાવી છે તેવી રીતે લેઉવા પટેલોને કાગવડને જ સર્વોપરી માનવું જોઈએ
- પાટીદાર ઉદ્યોગપતિઓને જો ખરેખર સમાજ સેજા કરવી હોય તો વિધવા બહેનોના બાળકોની ફી ભરે અથવા હોસ્પિટલોમાં મદદ કરે

**સિટી ન્યૂઝ@સુરત**



લેઉવા પટેલ સમાજની સર્વોચ્ચ સંસ્થા ખોડલધામ અને સમાજની એકતાને લઈને જાણીતા પાટીદાર અગ્રણી ધીરુ ગજેરાનું એક સનસનાટીભર્યું નિવેદન સામે આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં ધીરુ ગજેરાએ સુરતના અમુક ઉદ્યોગપતિઓ દ્વારા અલગ 'ખોડલધામ' ઊભું કરવાના પ્રસ્તાવ સામે લાલ આંખ કરી છે. તેમણે આ પ્રયાસને સમાજમાં ભાગલા પડાવનારું અને અત્યંત જોખમી પગલું ગણાવ્યું છે.આ સમગ્ર વિવાદ એટલા માટે સર્જાયો છે કે, ગઈકાલે જ ખોડલધામ ટ્રસ્ટના નરેશ પટેલ દ્વારા સુરતના અંત્રોલી ખાતે ૪૦ વીઘામાં ખોડલધામ મંદિર અને સંકુલ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે સુરતના કેટલાક મોટા ગજાના ઉદ્યોગપતિઓ પણ ખોડલધામ જેવું સંકુલ બનાવવાની તજવીજ કરતા હોય તે પ્રકારની ચર્ચાઓ પણ થવા ઉઠી છે. જેને લઈને આ વિવાદ સર્જાયો છે.ધીરુ ગજેરાએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગપતિઓ જે ઊંચી વગ અને આર્થિક શક્તિ ધરાવે છે, તેમણે પોતાની શક્તિનો ઉપયોગ સમાજને જોડવા માટે કરવો જોઈએ, તોડવા માટે નહીં. પૈસા હોવા એ સારી વાત છે, પણ એ પૈસાના જોરે આસ્થાના કેન્દ્રોના ભાગલા પાડવા એ નિંદનીય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે કરોડોના ખર્ચે બનેલા હીરા બુર્સ જેવા પ્રોજેક્ટ્સ આજે ખાલી પડ્યા છે, ત્યારે સમાજની એકતાના ભોગે આવા નવા સાહસો માત્ર આર્થિક વેડફાટ સાબિત થશે.તેમણે યાદ અપાવ્યું હતું કે કાગવડ ખાતેનું ખોડલધામ એ કેશુભાઈ પટેલ અને નરેશ પટેલ જેવા અનેક દિગ્ગજોના પરિશ્રમ અને એકતાનું પ્રતીક છે. ધીરુ ગજેરાએ કહ્યું કે, કડવા પાટીદાર સમાજે જે રીતે 'ઉમિયાધામ'ને એક રાખીને સંગઠન શક્તિ બતાવી છે, તેવી જ રીતે લેઉવા પટેલોએ પણ કાગવડને જ સર્વોપરી માનવું જોઈએ. નવા ધામ બનાવવાનો વિચાર એ નરેશ પટેલ અને અન્ય આગેવાનોના વર્ષોના સપનાને ઠેસ પહોંચાડવા સમાન છે.

વીડિયોમાં તેમણે સમાજના ગરીબ અને મધ્યમ વર્ગની પીડાને વાચા આપતા કહ્યું કે, આજે સમાજનો સામાન્ય માણસ મોંઘી શિક્ષણ ફી, આરોગ્યના ખર્ચા અને બેરોજગારીથી પરેશાન છે. ઉદ્યોગપતિઓએ જો ખરેખર સમાજસેવા કરવી હોય તો વિધવા બહેનોના બાળકોની ફી ભરે અથવા હોસ્પિટલોમાં મદદ કરે. માત્ર ભવનો બનાવવા કે શક્તિ પ્રદર્શન કરવાથી સમાજનું ભલું નથી થવાનું. ધીરુ ગજેરાએ તમામ પાટીદાર અગ્રણીઓને અપીલ કરી હતી કે વ્યક્તિગત સ્વાર્થ છોડીને કાગવડ ખોડલધામની ગરિમા જાળવી રાખો અને સમાજની એકતા અખંડ રહે તેવા પ્રયાસો કરો.

## પેકેટમાં હેલ્ધી અંદર નુકસાનકારક

# હેલ્ધી ફૂડના નામે ઝેર પીરસાય છે?




## પેકેટનું ખાવાથી ડાયાબિટિસ, હાઈ બ્લડ પ્રેશર જેવા રોગોનું જોખમ 100%

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

આજના ઝડપી જીવનમાં પેકેજડ ફૂડ આપણા રસોડા અને આહારનો એક અભિન્ન ભાગ બની ગયા છે. સુપરમાર્કેટમાં જોવા મળતા રંગબેરંગી અને આકર્ષક પેકેજો આપણને આકર્ષે છે, પરંતુ શું તમે ક્યારેય એ જાણવાની તસ્દી લીધી છે કે તે પેકેજોમાં રહેલો ખોરાક કેટલો સ્વસ્થ છે? મોટાભાગના લોકો જાહેરાતો અને પેકેજિંગના આધારે ઉત્પાદનો ખરીદે છે, જ્યારે વાસ્તવિક ગાથા પેકેજની પાછળના ફૂડ લેબલમાં રહેલી હોય છે.એક અભ્યાસ મુજબ, જે લોકો ખરીદી કરતી વખતે ફૂડ લેબલ કાળજીપૂર્વક વાંચે છે તેના આહારની ગુણવત્તા અવગણનારાઓ કરતા વધુ સારી હોય છે. આજકાલ ટેકનોલોજીએ આને વધુ સરળ બનાવી દીધું છે. તમે ખોરાકની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ મોબાઈલ એપ્લિકેશનોનો ઉપયોગ કરીને આ લેબલ્સને સ્કેન પણ કરી શકો છો.યોગ્ય પોષણ - દરેક વ્યક્તિની શારીરિક જરૂરિયાતો અલગ અલગ હોય છે. લેબલ વાંચીને તમે જાણી શકો છો કે ઉત્પાદનમાં કયા ઘટકો અને કેટલી માત્રામાં હાજર છે. આ તમને તમારા સ્વાસ્થ્ય લક્ષ્યોના આધારે યોગ્ય પોષણ પસંદ કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો તમને વધુ પ્રોટીનની જરૂર હોય, તો લેબલ તમને યોગ્ય ખોરાક પસંદ કરવામાં માર્ગદર્શન આપશે. છુપાયેલી ખાંડ અને બિનઆરોગ્યપ્રદ ચરબી ટાળો - ઘણીવાર પેકેજડ સામે વાળા ભાગમાં ખોરાકને "સ્વસ્થ" અથવા "કુદરતી" તરીકે લેબલ કરવામાં આવે છે, પરંતુ નજીકથી જોવામાં આવે તો કંઈક બીજું જ દેખાય છે. ઘણા ઉત્પાદનોમાં છુપાયેલી ખાંડ અને ટ્રાન્સ ચરબી નોંધપાત્ર પ્રમાણમાં હોય છે, જે પહેલી નજરે શોધવા મુશ્કેલ હોય છે. લેબલ્સ વાંચીને તમે આ હાનિકારક ઘટકોને સરળતાથી ઓળખી શકો છો અને તમારા સ્વાસ્થ્ય સાથે ચેડા થતા અટકાવી શકો છો. ગંભીર બીમારીઓનું જોખમ ઘટે છે - વધુ પડતું મીઠું, ખાંડ અને બિનઆરોગ્યપ્રદ ચરબી ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર જેવા જીવનશૈલીના રોગોનું જોખમ વધારે છે. જો તમે લેબલ વાંચવાની આદત પાડો છો, તો તમે આ ખોરાકના સેવનને નિયંત્રિત કરી શકો છો, જે ઘણી ગંભીર બીમારીઓને રોકવામાં મદદ કરી શકે છે.

બજેટનો બેલેન્સ તૂટ્યો : ખિસ્સા પર ભારે બોજ

# મોંઘવારી વધી, ખુશીઓ ઘટી લોકો પર આર્થિક દબાણ વધ્યું

## 20માંથી 16 આવશ્યક ચીજવસ્તુઓના ભાવ 36% સુધી મોંઘા થયા

## ટમેટા, ડુંગળી, લીંબુ, બટાકા અને તેલના ભાવમાં વધારો નોંધાયો




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજ્યમાં ઉનાળાની આકરી ગરમીની સીધી અસર હવે શાકભાજીના બજારમાં જોવા મળી રહી છે અને અસહ્ય ગરમીના લીધે અમુક શાકના પાકને ભારે નુકસાન થતાં ખેડૂતોને પણ નુકસાની સહેવી પડી છે અને તેના લીધે પુરવઠો પણ ઓછો બજારમાં આવી રહ્યો છે.

શાકભાજીના ભાવમાં કિલોએ ૩૦ થી ૫૦ ટકાનો વધારો થઈ જતાં ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે લીંબુના ભાવ તો આસમાને પહોંચ્યા છે. મહિના પહેલા ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો મળતું લીંબુ હવે સીધા ૩૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે.

વેપારીઓના જણાવ્યા મુજબ હાલ લગ્નની સીઝન અને સાથે સાથે આકરા તાપમાનને કારણે ઠંડા પીણાં, શેરડીના રસ અને અન્ય વાનગીઓમાં લીંબુનો ઉપયોગ વધતા માંગમાં ભારે વધારો થયો છે, જેના કારણે ભાવ સતત ઉંચા જઈ રહ્યા છે.

**ગૃહિણીઓને બે છેડા ભેગા કરવા અઘરા**

આગામી દિવસોમાં લીંબુના ભાવ ૩૦૦ને પણ પાર કરી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ટમેટા કે જે સામાન્ય રીતે ૩૦ રૂપિયે કિલો મળતા હોય છે તેના ભાવ હવે ૮૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે.

તો બીજી તરફ શાક મોંઘા થવાની સાથે સાથે સારી ક્વોલિટીના બટેટા પણ ૩૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે, આથી શાક ન પોસાય તો લોકો બટેટાનુ શાક ખાઈને ચલાવી લે, પરંતુ એ પણ મોંઘા થાય તો લોકોને ખાવા જેવું વધે શું તેવો સવાલ ઉઠી રહ્યો છે.

બીજી તરફ ઓણ સાલ માવઠાંની પરંપરા ચાલી છે. જેના લીધે કુદરતી આફતોનો સામનો કર્યા બાદ હવે ખેડૂતોને મોંઘા ભાવના બીયારણ અને જંતુનાશક દવાઓનો વપરાશ કર્યા બાદ ઉંચી મજૂરી ચૂકવી શાકની ખેતી કરી હતી અને હવે કાળઝાળ ગરમીના લીધે અમુક પાક બળી જતાં ખેડૂતોને પણ જંગી નુકસાન ભોગવવું પડી રહ્યું છે અને લોકોને શાક મોંઘુ પડી રહ્યું છે.

હાલમાં ભારે ગરમીને કારણે લગ્ન પ્રસંગ તેમજ અન્ય પ્રસંગ ઉજવવા પણ મુશ્કેલી રૂપ બની ગયા છે કારણ કે મોંઘવારીએ માઝા મૂકી છે ત્યારે સરકારનો પણ કોઈ નિયંત્રણ ન હોય તેવું જોવા મળી રહ્યું છે.






# બર્ગર કિંગ ફાસ્ટફૂડમાં ઝેર? 5 મહિના જૂનુ દૂધ ઝડપાયું

## કાલાવડ રોડ પર આવેલ બર્ગર કિંગ રેસ્ટોરન્ટમાં ગ્રાહકોના આરોગ્ય સાથે ખેલ !

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં કાલાવડ રોડ અને યુનીવર્સીટી રોડ જેવા પોષ વિસ્તારમાં પણ ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડા થઇ રહ્યા છે.ત્યારે મનપાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલ, યુનિટ નં.૨/એ/૧, માં આવેલ "બર્ગર કિંગ -રેસ્ટોરન્ટ બ્રાન્ડ્સ એશિયા લિમિટેડ" પેઢીની તપાસ કરતા સ્થળ પર બેવરેજીસ/કોફી બનાવવા માટે સંગ્રહ કરેલ "SHRIEBER DYNAMIX" બ્રાંડના ટોરેન્ડ દૂધના ટેટરા પેકમાંથી દુધનો ઉપયોગ કરતા હતા. આ સ્થળ પર તપાસ દરમિયાન સ્ટોરેજ તપાસતા સદર બ્રાન્ડના એક લિટરના કુલ ૭૨ TETRA PACK કે જે પાંચ માસથી એક માસ પહેલા એક્સપાયરી થયેલ જોવા મળ્યા હતા. સદર એક્સપાયરી થયેલ TETRA PACK TONED MILK નો કુલ ૭૨ લિટર અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.પેઢીને હાઈજેનિક કન્ડિશન તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટિસ આપવામાં આવેલ. વિશેષમાં સદર ખાદ્યચીજનો નમૂનો લેવામાં આવેલ તથા પેઢી પાસેથી વહીવટી ચાર્જ રૂ.૧૦,૦૦૦/- વસૂલવામાં છે




## બેવરેજીસ/કોફી બનાવવા સંગ્રહ કરાયેલ એક્સપાયરી દૂધનો ઉપયોગ 72 લીટર દૂધનો નાશ 10 હજારનો દંડ ફટકારાયો

## "પાંડેજી પાર્સલ" પેઢીમાંથી 3 કિલો વાસી બ્રેડ મળી

ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન બિગ બઝારની બાજુમાં, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રાજકોટ મુકામે આવેલ "પાંડેજી પાર્સલ" પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ ૩ કિલો બ્રેડનો જથ્થો એક્સપાયરી થયેલ જોવા મળતા સદર એક્સપાયરી થયેલ જથ્થો સ્થળ પર નાશ કરેલ છે.ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના નાના મવા મેઈન રોડ, ચંદ્ર પાર્ક મેઈન રોડ તથા મવડી ચોકડી વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૪ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાંઅપાઈ છે

## બટર, ચીઝ, હોટ ગાર્લિક સોસના નમુના લેવાયા

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ -૨૦૦૬ હેઠળ પાંચ નમુના લેવામાં આવ્યા છે.જેમાં અક્ષરમાર્ગ પર ઇન્દ્રપ્રસ્થનગરમાં શિવ ઢોસા પોઈન્ટ & પાઉંભાજીમાંથી બટર લુઝ, ગીરીરાજ હોસ્પિટલ પાસે એસ્ટ્રોન ફૂડ'સ-Wok on fire, "કુબેર કષ્ટભંજન" હોટ ગાર્લિક સોસ, મોટામવામાં G.J-૫ સેન્ડવિચ & પિઝા -બીટ & બાઈટમાંથી ચીઝ, કસ્તુરી ફૂડ'સમાંથી બટર લુઝ, કાલાવડ રોડ પર બર્ગર કિંગમાંથી દુધનો નમુનો લીધેલો છે.



# સિનેમાથી સત્તા સુધી વિજયનું હવે તમિલનાડુના CM બનવું ફાઈનલ

## TVKને કોંગ્રેસ, લેફ્ટ, VCKનું સમર્થનઃ બહુમતિ માટે 118 ધારાસભ્યો પુરા

**સિટી ન્યૂઝ@ચેન્નાઈ**

તમિલનાડુમાં અભિનેતા વિજયની પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (TVK)ની સરકાર બનવાનું નક્કી છે. સૂત્રોએ દાવો કર્યો છે કે નાના પક્ષો VCK, CPI અને CPM સમર્થન આપવા સંમત થયા છે. બીજી તરફ, TVK ચીફ વિજય આજે સાંજે લોકભવનમાં ગવર્નર રાજેન્દ્ર આર્લેકરને મળશે. તાજેતરના રાજકીય ઘટનાક્રમ બાદ સરકાર બનાવવાનો દાવો બે વાર રજૂ કર્યા પછી TVK ચીફ વિજયની ગવર્નર સાથે આ ત્રીજી મુલાકાત હશે.

VCK, CPI અને CPM ટેકો આપવા સંમત થયા છે. આ તમામ પક્ષોના ૨-૨ ધારાસભ્યો ચૂંટાયા છે. ૫ ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસે પહેલાથી જ ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે.

આ દરમિયાન DMK અને AIADMK વચ્ચે ગઠબંધન થવાના સમાચાર છે. આ અંગે TVK એ કહ્યું કે જો બંને દ્રવિડ પક્ષો સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે, તો પાર્ટીના તમામ ધારાસભ્યો રાજીનામું આપી દેશે.

TVK ને હવે શંકા છે કે બંને પક્ષો સૌથી વધુ જનસમર્થન મેળવનાર પક્ષને સત્તામાંથી બહાર કરવા માંગે છે. સૂત્રો અનુસાર, આ નિર્ણય DMK-AIADMK જૂથોની છેલ્લા બે દિવસમાં થયેલી બે બેઠકો પછી લેવામાં આવ્યો.

આ દરમિયાન, TVK સમર્થકોએ શુક્રવારે સવારે ગવર્નર હાઉસ (લોકભવન) સામે પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કર્યા. પોલીસે ઘણા સમર્થકોની અટકાયત કરી છે.

રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે ગુરુવારે બીજી વખત TVK પ્રમુખ વિજયના સરકાર બનાવવાની દાવેદારીને નકારી કાઢી હતી. તેમણે તેમને કહ્યું કે તેઓ બહુમતી સાબિત કરવા માટે ૧૧૮ ધારાસભ્યોની સહીઓ લઈને જ પાછા ફરે. જોકે, રાજ્યપાલે વિજયને ખાતરી આપી છે કે તેઓ અન્ય કોઈ પક્ષને સરકાર બનાવવા માટે આમંત્રિત કરશે નહીં.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ CPIના જનરલ સેક્રેટરી ડી રાજા સાથે વાત કરી છે અને તેમની પાર્ટીને તમિલનાડુમાં બિનસાંપ્રદાયિક સરકાર બનાવવા માટે TVKને સમર્થન આપવા અપીલ કરી છે, સૂત્રોએ શુક્રવારે આ માહિતી આપી.

સૂત્રોએ જણાવ્યું કે ખડગેએ ગુરુવારે રાજાને ફોન કરીને આ વાત પર ભાર મૂક્યો કે CPI એ જલ્દી નિર્ણય લેવો જોઈએ જેથી BJP ને પાછલા દરવાજેથી સત્તા હડપવાનો મોકો ન મળે.

એવું માનવામાં આવે છે કે રાજાએ કહ્યું કે CPI DMK સહિત તેના સ્થાનિક સાથીઓ સાથે સલાહ કરશે અને ટૂંક સમયમાં આ અંગે નિર્ણય લેશે.

### કોલકાત્તામાં કાલે શપથવિધિ સમારોહ

# બંગાળમાં સુવેન્દુ નવા CM : સાથે ડબલ ડેપ્યુટી CM





## રૂપા ગાંગુલી ડેપ્યુટી મુખ્યમંત્રી

**સિટી ન્યૂઝ@કોલકાત્તા**

પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી હશે. રાજ્યમાં બે નાયબ મુખ્યમંત્રી પણ હશે. રૂપા ગાંગુલીના નામ પર નાયબ CM તરીકે મહોર લાગી ચૂકી છે. બીજા નાયબ CM દાર્જિલિંગના પુરુષ ધારાસભ્ય હશે.

સુવેન્દુ પાસે ગૃહ મંત્રાલયનો હવાલો હશે. કોલકાતામાં ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં ધારાસભ્ય દળની બેઠક બાદ આજે સાંજે ૫ વાગ્યે ત્રણેયના નામની જાહેરાત કરવામાં આવશે. કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં ૯ મેના રોજ મુખ્યમંત્રી અને બંને નાયબ CM શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહમાં PM મોદી, શાહ સહિત NDAના ઘણા મોટા નેતાઓ સામેલ થશે. સુવેન્દુએ CM મમતા બેનર્જીને ભવાનીપુરથી હરાવ્યા છે. તેઓ નંદીગ્રામથી પણ સતત બીજી વખત ચૂંટણી જીત્યા. અહીંથી ૨૦૨૧માં તેમણે મમતાને હરાવ્યા હતા. ભાજપે વિધાનસભા ચૂંટણીમાં ૨૦૭ બેઠકો જીતી છે.

ધારાસભ્ય દળની બેઠકને લઈને શાહ આજે સવારે જ્યારે કોલકાતા પહોંચ્યા ત્યારે એરપોર્ટ પર સુવેન્દુએ જ તેમનું સ્વાગત કર્યું હતું. શાહને CM પસંદ કરવા માટે ભાજપે ઓબ્ઝર્વર બનાવ્યા છે.

૪ મેના રોજ ૨૯૩ બેઠકોના પરિણામો આવ્યા. ભાજપને ૨૦૭ બેઠકો મળી. TMC માત્ર ૮૦ પર સમેટાઈ ગઈ. રાજ્યમાં કુલ ૨૯૪ વિધાનસભા બેઠકો છે, ફાલ્ટાની એક બેઠક પર ૨૧ મેના રોજ ફરીથી મતદાન થશે. પરિણામ ૨૪ મેના રોજ આવશે.

મમતા બેનર્જીએ કોલકાતામાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું- હું CM પદ પરથી રાજીનામું નહીં આપું. અમે જનાદેશથી નહીં, ષડયંત્રથી હાર્યા છીએ. તેથી રાજીનામું આપવા રાજભવન નહીં જાઉં. મમતાએ આગળ કહ્યું - ચૂંટણી પંચે ભાજપ સાથે મળીને ૧૦૦ બેઠકો લૂંટી.

સુવેન્દુ અધિકારીના PA ચંદ્રનાથ રથની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી. તેઓ કોલકાતાથી મધ્યમગ્રામ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. કોલકાતાથી લગભગ ૨૦ કિમી દૂર ડોલતલામાં એક કાર રથની સ્કોર્પિયો સામે ઊભી રહી ગઈ. આ દરમિયાન બાઈક પર આવેલા હુમલાખોરોએ ૬ થી ૧૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું. બે ગોળીઓ ચંદ્રનાથની છાતીમાંથી આરપાર થઈ ગઈ. એક ગોળી પેટમાં વાગી. હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું.

ભાજપ નેતા સુવેન્દુ અધિકારીએ ગુરુવારે કહ્યું કે તેમના પર્સનલ આસિસ્ટન્ટ ચંદ્રનાથ રથની હત્યા એટલા માટે થઈ કારણ કે તેમણે મમતાને હરાવ્યા છે. સુવેન્દુએ કહ્યું - આ હત્યાને જે રીતે અંજામ આપવામાં આવ્યો, તેની જેટલી પણ નિંદા કરીએ તે ઓછી છે.

## ગુજરાતની નારી શક્તિ હવે માત્ર ઘરના ઉંબરા સુધી સીમિત નથી રહી

# લોકલથી ગ્લોબલ : ગુજરાતનું અથાણું અમેરિકામાં હિટ










## શિવરાજપુર ગામની 'અથાણા મંડળી' આજે અમેરિકા સુધી સ્વાદ પીરસી રહી છે

**સિટી ન્યૂઝ@અરવલ્લી**

ગુજરાતની નારી શક્તિ હવે માત્ર ઘરના ઉંબરા સુધી સીમિત નથી રહી, પણ સાત સમુદ્ર પાર પોતાની ઓળખ બનાવી રહી છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના એક નાનકડા ગામડાની મહિલાઓએ 'અથાણા'ના વ્યવસાય થકી આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. શિવરાજપુર ગામની આ "અથાણા મંડળી" આજે અમેરિકા સુધી સ્વાદ પીરસી રહી છે. મેઘરજ તાલુકામાં આવેલા શિવરાજપુર ગામના. અહીં વહેલી સવારથી જ મસાલાની સોડમ હવામાં ભળી જાય છે. અર્પિતાબેન પટેલ અને તેમની સાથેની 30 જેટલી ગ્રામીણ મહિલાઓ મળીને "અથાણા મંડળી" સખી મંડળ ચલાવે છે. જે કામ ક્યારેક રસોડા પૂરતું મર્યાદિત હતું, આજે તે એક મોટા વ્યાપારમાં પરિવર્તિત થઈ ગયું છે. અહીં કેરી, લીંબુ અને મરચાંના પરંપરાગત અથાણાં તો બને જ છે, પણ આ મંડળીની ખાસ ઓળખ છે તેમનું 'રતાળાનું અથાણું'. શુદ્ધતા અને ઘર જેવો સ્વાદ હોવાને કારણે આ અથાણાંની માંગ માત્ર સ્થાનિક સ્તરે જ નહીં, પણ અમદાવાદ અને સાબરકાંઠા જેવા શહેરોમાં પણ




વ્યાપક છે. નવાઈની વાત તો એ છે કે, આ મંડળીના અથાણાં આજે અમેરિકામાં વસતા ભારતીયોના ડાઈનિંગ ટેબલ સુધી પહોંચ્યા છે. અહીં કેરી, લીંબુ અને મરચાંના પરંપરાગત અથાણાં તો બને જ છે, પણ આ મંડળીની ખાસ ઓળખ છે તેમનું 'રતાળાનું અથાણું'. શુદ્ધતા અને ઘર જેવો સ્વાદ હોવાને કારણે આ અથાણાંની માંગ માત્ર સ્થાનિક સ્તરે જ નહીં, પણ અમદાવાદ અને સાબરકાંઠા જેવા શહેરોમાં પણ વ્યાપક છે. નવાઈની વાત તો એ છે કે, આ મંડળીના અથાણાં આજે અમેરિકામાં વસતા ભારતીયોના ડાઈનિંગ ટેબલ સુધી પહોંચ્યા છે.


# ટ્રેનમાં મોટા ફેરફાર



## રેલ્વે લાવી રહ્યું છે હાઈટેક સિસ્ટમ

# હવે AI બતાવશે ટિકિટ કન્ફર્મ થશે કે નહીં

## 40 વર્ષ જૂની સિસ્ટમને અલવિદા





**સિટી ન્યૂઝ@સુરત**

ભારતીય રેલવે તેના ૪૦ વર્ષ જૂના પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS)ને સંપૂર્ણપણે બદલવા જઈ રહ્યું છે. નવી સિસ્ટમ AIની મદદથી જણાવશે કે વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થશે કે નહીં. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે અધિકારીઓ સાથે બેઠક કરી અને ઓગસ્ટથી ટ્રેનોને નવી અપગ્રેડ સિસ્ટમ પર શિફ્ટ કરવાના નિર્દેશ આપ્યા. વર્તમાન રિઝર્વેશન સિસ્ટમ વર્ષ ૧૯૮૬માં શરૂ થઈ હતી. છેલ્લા ૪૦ વર્ષમાં તેમાં ઘણા નાના ફેરફારો કરવામાં આવ્યા, પરંતુ હવે તેને લેટેસ્ટ ટેકનોલોજીની મદદથી સંપૂર્ણપણે નવું કરવામાં આવ્યું છે, જેથી તેની ક્ષમતા વધારી શકાય.

### સફર થશે વધુ સ્વાદિષ્ટ

# હવે ટ્રેનમાં જ રેસ્ટોરન્ટ જેવી મજા



**સિટી ન્યૂઝ@મહેસાણા**

રેસ્ટોરન્ટ ઓન વિલ માટે ૭૦ ટન વજન ધરાવતો જૂનો કોચ (coach) અહીં લવાયો છે. જેને આધુનિક સુવિધાઓ સાથે રેસ્ટોરન્ટમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યો છે.૭૫ ફૂટ લાંબા, ૧૨ ફૂટ પહોળા અને ૧૩ ફૂટ ઊંચા કોચમાં એકસાથે ૬૫ લોકો ભોજન (food) લઈ શકશે. આ એસી રેસ્ટોરન્ટ (restaurant) ૨૪ કલાક ખુલ્લું રહેશે. જ્યાં ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ વાનગી મળશે. કોચની અંદર એક બાજુ રસોડું અને બીજી બાજુ શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા પણ હશે. રેસ્ટોરન્ટની આગળ ગાર્ડન બનાવાશે, જ્યાં ખુલ્લી હવામાં બેસીને ભોજન માણી શકાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે. સાથે જ બહાર મોટી સ્ક્રીન મૂકવામાં આવશે, જેથી લોકો ભોજન સાથે મનોરંજનનો પણ આનંદ લઈ શકે. આ કોચમાં મહેસાણાની સંસ્કૃતિ અને પ્રખ્યાત સ્થળોની ઝાંખી દર્શાવવામાં આવશે. મહત્વની વાત તો એ છે કે, આ રેસ્ટોરન્ટની અંદર ૨૪ કલાક અને ૭ દિવસ (૨૪/૭) આ રેલ કોચ રેસ્ટોરન્ટ ખુલ્લું રહેશે. મહેસાણાવાસીઓને રાત્રિ દરમિયાન ભોજન જમવું હશે તો હવે મળી રહેશે. સાથે સાથે કોચમાં ૭ કિઓસ્ક બનાવ્યા છે.



# 75 વર્ષની યાત્રા

## આસ્થા અને સ્વાભિમાનનું પ્રતિક

# સોમનાથ; તૂટ્યુ પણ ન ઝૂક્યુ

આસ્થા
નરેન્દ્ર મોદી
વડાપ્રધાન

### જય સોમનાથ!

૨૦૨૬ની શરૂઆતમાં, હું સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ આક્રમણના એક હજાર વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત સોમનાથ સ્વાભિમાન પર્વ માટે સોમનાથ ગયો હતો. હવે, હું ૧૧મી મેના રોજ ફરીથી સોમનાથમાં હોઈશ, જે ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પુનનિર્મિત મંદિરના ઉદ્દઘાટનના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે હશે. અડધા વર્ષથી ઓછા સમયમાં, સોમનાથ સાથે સંબંધિત બે મહત્વપૂર્ણ સીમાચિહ્નો અને જેને આપણે વિધ્વંસથી સૃજન કહીએ છીએ તે યાત્રામાં સહભાગી થવું એ મારા માટે સૌભાગ્યની વાત છે.

આપણા પ્રાચીન શાસ્ત્રો કહે છે... તેનો અર્થ એ છે કે, દિવ્ય પ્રભાસ (સોમનાથ)ની પ્રદક્ષિણા એ સમગ્ર પૃથ્વીની પ્રદક્ષિણા કરવા સમાન છે! આ અસંખ્ય મહાત્માઓને યાદ કરવાનો પણ સમય છે. લકુલીશ અને સોમ શરમને પ્રભાસને દર્શનશાસ્ત્રના એક ભવ્ય કેન્દ્રમાં પરિવર્તિત કર્યું હતું. વલ્લભીના ચક્રવર્તી મહારાજા ધરસેન (ચોથા)એ સદીઓ પહેલા ત્યાં બીજા મંદિરનું નિર્માણ કર્યું હતું. ભીમદેવ, જયપાલ અને આનંદપાલને આક્રમણો સામે સભ્યતાના સન્માનના રક્ષણ માટે હંમેશા યાદ રાખવામાં આવશે.

એવું કહેવાય છે કે રાજા ભોજે પણ પુનનિર્માણમાં મદદ કરી હતી. ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક શક્તિને પુનસ્થાપિત કરવામાં કર્ણદેવ અને સિદ્ધરાજ જયસિંહે મહત્વની ભૂમિકા ભજવી હતી. ભાવ બૃહસ્પતિ, કુમારપાળ સોલંકી અને પાશુપત આચાર્યોએ આ પવિત્ર ધામને પૂજા અને શિક્ષણના મહાન કેન્દ્ર તરીકે પુનનિર્મિત કર્યું અને ટકાવી રાખ્યું. વિશળદેવ વાઘેલા અને ત્રિપુરાંતકે તેની બૌદ્ધિક અને આધ્યાત્મિક પરંપરાઓનું રક્ષણ કર્યું. વિનાશ પછી પૂજા પુનજીવિત કરવામાં મહીપાળદેવ અને રા ખેંગાર નિમિત્ત બન્યા હતા. પુણ્યશ્લોક અહલ્યાબાઈ હોલકર જેમની 300મી જન્મજયંતિ ઉજવવામાં આવી રહી છે, તેમણે અત્યંત મુશ્કેલ સમયમાં ભક્તિની નિરંતરતા સુનિશ્ચિત કરી હતી. વડોદરાના ગાયકવાડ હતા, જેમણે યાત્રાળુઓના અધિકારોનું રક્ષણ કર્યું હતું. અને અલબત્ત, આપણી ભૂમિ વીર હમીરજી ગોહિલ અને વીર વેગડાજી ભીલ જેવા બહાદુર વ્યક્તિત્વોને ઉછેરવા માટે ધન્ય છે, જેમનું બલિદાન અને સાહસ સોમનાથની જીવંત સ્મૃતિનો ભાગ બની ગયા છે.

૧૯૪૦ના દાયકામાં જ્યારે સ્વતંત્રતાની લહેર સમગ્ર ભારતમાં ફેલાઈ હતી. સરદાર પટેલ જેવા કદાવર નેતાઓના નેતૃત્વમાં નવા પ્રજાસત્તાકનો પાયો નખાઈ રહ્યો હતો, ત્યારે એક વાત તેમને સતત ઊંડે સુધી પરેશાન કરતી હતી... સોમનાથની દુર્દશા. ૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ દિવાળીના સમયે તેઓ મંદિરના જર્જરિત અવશેષો પાસે હાથમાં સમુદ્રનું પાણી લઈને ઊભા રહ્યા અને કહ્યું, “ગુજરાતી નવા વર્ષના આ પવિત્ર દિવસે, અમે નક્કી કર્યું છે કે સોમનાથનું પુનનિર્માણ થવું જોઈએ. તમે, સૌરાષ્ટ્રના લોકો, તમારો શ્રેષ્ઠ પ્રયાસ કરો. આ એક પવિત્ર કાર્ય છે જેમાં સૌએ સહભાગી થવું જોઈએ.”

દુર્ભાગ્યવશ સરદાર પટેલને તે સ્વપ્નને સાકાર થતું જોવા મળ્યું નહીં, જેના માટે તેમણે ખુદને સમર્પિત કરી દીધા હતા. તેમના વિઝનને કનૈયાલાલ મુનશીએ આગળ ધપાવ્યું, જેમાં નવાનગરના જામસાહેબનો પૂરો સહયોગ મળ્યો હતો.

૧૯૫૧માં જ્યારે મંદિરનું કામ પૂર્ણ થયું ત્યારે ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને આ સમારોહ માટે બોલાવવાનું નક્કી કરાયું. તત્કાલીન વડાપ્રધાન પંડિત નેહરુના સખત વિરોધ છતાં ડૉ. પ્રસાદે આ સમારોહમાં હાજરી આપી હતી, જેમણે આ પ્રસંગને વધુ વિશેષ અને ઐતિહાસિક બનાવ્યો હતો.

મારું મન ઓક્ટોબર ૨૦૦૧ના સમયને પણ યાદ કરે છે, જ્યારે મેં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો જ હતો. ૩૧ ઓક્ટોબર ૨૦૦૧, સરદાર પટેલની જયંતિના રોજ, ગુજરાત સરકારને સોમનાથ મંદિરના દ્વાર ખૂલ્યાને ૫૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે કાર્યક્રમ યોજવાનું સન્માન મળ્યું હતું. તે સરદાર પટેલની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી સાથે પણ સુસંગત હતું. તત્કાલીન વડાપ્રધાન અટલજી અને તત્કાલીન ગૃહમંત્રી એલ.કે. અડવાણીએ કાર્યક્રમમાં હાજરી આપીને ઉજવણીને ગરીમા આપી હતી.

હું બધા દેશવાસીઓને સોમનાથની યાત્રા કરવાનો આગ્રહ કરું છું. તમે સોમનાથના કિનારે ઊભા રહો છો ત્યારે તેના પ્રાચીન પડઘાઓને તમારી અંદર અનુભવો છો. તમે માત્ર ભક્તિથી અભિભૂત થતા નથી, પણ એક એવી સભ્યતાની મજબૂત ભાવનાનો પણ અનુભવ કરો છો, જે ક્યારેય ક્ષીણ થતી નથી, જે અખંડ અને અટલ છે. તમે ભારતની અદમ્ય ભાવનાનો અનુભવ કરશો.

તમે જ્યારે સોમનાથના કિનારે ઊભા રહો ત્યારે તેના પ્રાચીન પડઘાને તમારી અંદર અનુભવશો. તમે માત્ર ભક્તિથી અભિભૂત નહીં થાવ, પણ એક એવી સભ્યતાની મજબૂત ભાવનાનો પણ અનુભવ કરશો જે ક્યારેય ક્ષીણ થતી નથી, જે અખંડ અને અટલ છે.






# સોમનાથમાં 11 મીએ ઐતિહાસિક દિવસ રોડ શો, એર શો અને પુષ્પવર્ષા




## PMના રોડ શોથી ગુંજશે દેવભૂમિ



**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**

સોમનાથ મંદિર ખાતે આગામી તા. ૧૧ મેના રોજ આધ્યાત્મિક ગૌરવ, રાષ્ટ્રીય અભિમાન અને સાંસ્કૃતિક વૈભવનો અદ્વિતીય મહોત્સવ સર્જાવા જઈ રહ્યો છે. દેશના પ્રધાનમંત્રી તથા સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદી “સ્વાભિમાન પર્વ” અંતર્ગત અમૃત મહોત્સવમાં સોમનાથ પધારવાના હોવાથી સમગ્ર દેવભૂમિ ભક્તિ અને ભવ્યતાના રંગે રંગાઈ ગઈ છે. વડાપ્રધાનના હસ્તે મંદિર શિખર પર થનારો જળાભિષેક આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ બની રહેશે.

નૂતન સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં તા. ૮ થી ૧૨ મે દરમિયાન પાંચ દિવસીય વૈદિક અને ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ સમગ્ર કાર્યક્રમમાં ૧૧ મેનો દિવસ ઐતિહાસિક અને વિશેષ આકર્ષણોથી ભરપૂર બની રહેવાનો છે. સોમનાથમાં માત્ર ધાર્મિક ઉત્સવ નહીં, પરંતુ રાષ્ટ્રીય ગૌરવનો મહાસંગમ સર્જાવાનો છે, જેની તૈયારીઓ અત્યારે પૂરજોશમાં ચાલી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે જામનગરથી વિશેષ હેલિકોપ્ટર મારફતે સોમનાથ હેલિપેડ ખાતે પહોંચશે. ત્યારબાદ સોમનાથ મંદિરથી હમીરજી સર્કલ સુધી ભવ્ય રોડ શો યોજાશે. સમગ્ર માર્ગને કેસરિયા ધ્વજો, આકર્ષક લાઈટિંગ, સાંસ્કૃતિક ઝાંખીઓ અને સ્વાગત દ્વારોથી શણગારવામાં આવી રહ્યો છે. વડાપ્રધાનના સ્વાગત માટે સોમનાથમાં અભૂતપૂર્વ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

વિવિધ સમાજો, સંતો, યુવા મંડળો અને મહિલા સંગઠનો દ્વારા પરંપરાગત સ્વાગતની ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે. ઢોલ-નગારાં, શંખનાદ અને પવિત્ર વેદોચ્ચાર વચ્ચે યોજાનારો આ રોડ શો દેવભૂમિના ગૌરવનું પ્રતિક બની રહેશે. ભાજપ સંગઠન દ્વારા આ રોડ શોને ઐતિહાસિક અને ગરિમામયી બનાવવા માટે વિશેષ માઈક્રો પ્લાનિંગ હાથ ધરાયું છે.

૧૧ જાન્યુઆરીએ “સ્વાભિમાન પર્વ”ના પ્રારંભ પ્રસંગે સોમનાથના આકાશમાં રજૂ કરાયેલ નયનરમ્ય ડ્રોન શોએ લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. હવે ૧૧ મેના રોજ મંદિરની ૭૫ મી સ્થાપના દિવસની ઉજવણીને વધુ ભવ્ય અને અવિસ્મરણીય બનાવવા ભારતીય વાયુસેના દ્વારા વિશેષ એર શો રજૂ કરવામાં આવશે. આ પ્રદર્શન શ્રદ્ધાળુઓમાં દેશભક્તિનો નવો સંચાર કરશે.

ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ (SKAT) દ્વારા Hawk Mk-૧૩૨ એરક્રાફ્ટની મદદથી આકાશમાં ત્રિરંગી ધૂમ્રરેખાઓ સર્જવામાં આવશે. કેસરી, સફેદ અને લીલા રંગના સ્મોક ડિસ્પ્લે સાથે સમગ્ર સોમનાથનું આકાશ દેશભક્તિના રંગે રંગાઈ જશે. આધ્યાત્મિકતાના ધામમાં વાયુસેનાના આ કરતબો રાષ્ટ્રીય શક્તિનું દર્શન કરાવશે.

આકાશમાં સર્જાનાર આ અદભૂત દશ્યો હજારો શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ માટે જીવનભર યાદગાર બની રહેશે. આધ્યાત્મિકતા અને રાષ્ટ્રીય શક્તિનો આ સંગમ સમગ્ર કાર્યક્રમને અનોખી ઊંચાઈ આપશે. મંદિર પરિસરની આસપાસની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને વહીવટી તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.પ્રધાનમંત્રીના રોડ શો તેમજ મંદિર આગમન દરમિયાન હેલિકોપ્ટર મારફતે ભવ્ય પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિર પરિસર, રોડ શો રૂટ અને મુખ્ય કાર્યક્રમ સ્થળો પર આકાશમાંથી ફૂલોની વર્ષા થશે, જેના કારણે સમગ્ર વાતાવરણ અત્યંત ભક્તિમય અને ઉત્સવમય બની જશે. પ્રધાનમંત્રીના આ પ્રવાસને લઈને સમગ્ર ગુજરાતમાં ભારે ઉત્તેજના વ્યાપેલી છે.

### 11 મેના કાર્યક્રમના મુખ્ય આકર્ષણો

- **ભવ્ય રોડ-શો:** હેલિપેડથી મંદિર અને ત્યાંથી હમીરજી સર્કલ સુધી પ્રચંડ જનમેદની વચ્ચે શક્તિપ્રદર્શન સમાન રોડ-શો યોજાશે.
- **વાયુદળની કેસરી કરામત:** ભારતીય વાયુસેનાના Hawk Mk-૧૩૨ પ્લેન દ્વારા આકાશમાં કલરફુલ સ્મોક ડિસ્પ્લે (ત્રિરંગો) રજૂ કરી રાષ્ટ્રભક્તિનો માહોલ સર્જાશે.
- **શિખર પર જળાભિષેક:** વૈદિક પૂજા બાદ ૧૫૦ ફૂટ ઊંચા શિખર પર મહાકાય ક્રેનની મદદથી વડાપ્રધાનના હસ્તે પવિત્ર નદીઓના જળથી ઐતિહાસિક જળાભિષેક થશે.
- **આકાશી પુષ્પવર્ષા:** રોડ-શો રૂટ અને મંદિર પરિસરમાં હેલિકોપ્ટર મારફતે ભવ્ય ફૂલોની વર્ષા કરાશે.
- **જંગી જાહેરસભા:** બપોરના સમયે સદભાવના ગ્રાઉન્ડ ખાતે વિશાળ ડોમમાં લાખો લોકોની ઉપસ્થિતિમાં નરેન્દ્ર મોદીનું સંબોધન.
- **ત્રિસ્તરીય સુરક્ષા:** SPG, ATS અને સ્થાનિક પોલીસ દ્વારા ડ્રોન અને CCTV થી સજ્જડ મોનિટરિંગ.

## દર્શન હવે ખર્ચાળઃ 11મેથી નવા ભાવ લાગુ

# ડાકોરના ‘ઠાકોર’ની ભક્તિ મોંઘી બની



**તુલસી વિવાહ માટે ખર્ચવા પડશે 51 હજાર**

**શિખર પર ધજા આરોહણ 610માંથી 2500 થયા**

**52 ગજની વિશેષ ધજાના 2500માંથી 11000**

**રાજભોગ મનોરથ માટે 3900માંથી 9345**

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અને લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર એવા ડાકોરમાં બિરાજતા રાજા રણછોડરાયજીના મંદિરમાં મનોરથ કરવા ઈચ્છતા ભક્તો પર મોટો આર્થિક બોજ આવી પડ્યો છે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા મંદિરમાં થતી વિવિધ ધાર્મિક વિધિઓ, ધજા આરોહણ અને રાજભોગ જેવા મનોરથોના દરોમાં સીધો બમણો કે તેથી પણ વધુ વધારો ઝીંકી દેવામાં આવતાં ભક્તોમાં ભારે રોષ અને આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. મંદિરના સુવર્ણ શિખર પર ધજા ચઢાવવાનું ભક્તોમાં વિશેષ મહત્વ હોય છે. અત્યારસુધી આ આસ્થા માટે ભક્તોએ જે રકમ ચૂકવવી પડતી હતી, તેમાં મોટો તફાવત જોવા મળ્યો છે. ભગવાનને ધરાવવામાં આવતા રાજભોગ અને મંદિરમાં યોજાતા વિશેષ કુંજ મનોરથના ભાવમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજભોગ સેવાઃ અગાઉ આ સેવા માટે ૩,૯૦૦ લેવામાં આવતા હતા, જે હવે વધારીને ૯,૩૪૫ કરી દેવામાં આવ્યા છે. કુંજ મનોરથઃ ભક્તો જે કુંજ મનોરથ માટે ૫,૧૦૦ ચૂકવતા હતા, તેના માટે હવે ટેમ્પલ કમિટીએ ૧૧,૦૦૦નો દર નિર્ધારિત કર્યો છે.હિન્દુ ધર્મમાં તુલસીવિવાહનું અત્યંત મહત્વ છે અને અનેક શ્રદ્ધાળુઓ ડાકોરના ધામમાં આ વિધિ કરાવતા હોય છે. આ ધાર્મિક પ્રસંગ માટે અગાઉ ૨૫,૦૦૦નો ચાર્જ હતો, જે હવે સીધો ડબલ કરીને ૫૧,૦૦૦ કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ તમામ વધારો ૧૧ મે ૨૦૨૬થી લાગુ થશે. ગરીબોના બેલી ગણાતા રણછોડરાયના દ્વારે અચાનક કરાયેલા આ ભાવવધારાને પગલે સોશિયલ મીડિયાથી લઈ મંદિર પરિસર સુધી ટીકાઓ થઈ રહી છે.ભક્તોનું કહેવું છે કે, ભક્તિ અને આસ્થાના વિષયમાં આટલો મોટો વ્યવસાયિક વધારો યોગ્ય નથી. સામાન્ય અને મધ્યમ વર્ગના ભક્તો જે વર્ષોથી પોતાની માનતા પૂરી કરવા આવતા હોય છે, તેમના માટે હવે આ મનોરથો કરવા આર્થિક રીતે કષ્ટદાયક બનશે.

# 4.56 કરોડના 757 ચેકો રીટર્ન થતા મનપાની ટેક્સ શાખા લાલઘૂમ થઈ

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

રાજકોટ મહાનગરપાલિકાના ખજાનામાં મિલકત વેરા પેટે જમા થયેલા કરોડો રૂપિયાના ચેકો વગર વસૂલાતે પરત ફરતા મનપાના તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. આર્થિક પારદર્શિતાના દાવાઓ વચ્ચે એકસાથે ૭૫૭ જેટલા ચેકો બાઉન્સ થતા કમિશનરની સૂચનાથી ટેક્સ બ્રાન્ચ દ્વારા કસૂરવાર કરદાતાઓ સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મિલકત વેરાના ચેકો રિટર્ન થવાની ઘટનાને મનપાએ અત્યંત ગંભીરતાથી લીધી છે. ટેક્સ વિભાગ દ્વારા તાત્કાલિક અસરથી તમામ ૭૫૭ મિલકત ધારકોને કાયદેસરની લીગલ નોટિસ ફટકારવામાં આવી હતી. તંત્રના આ કડક વલણને પગલે કરચોરોમાં ફફડાટ ફેલાયો હતો. નોટિસની અસર એટલી તીવ્ર રહી કે ૭૫૭ પૈકી ૬૯૫ મિલકત ધારકોએ પેનલ્ટી અને કાયદેસરની ગૂંચવણથી બચવા માટે તાત્કાલિક મનપાની કચેરીએ દોડી જઈ પોતાની વેરાની રકમ રોકડમાં જમા કરાવી દીધી હતી.બીજી તરફ, મનપાની નોટિસ મળવા છતાં પણ જે મિલકત ધારકોએ હજુ સુધી વેરો ભરપાઈ કરવાની તસ્દી લીધી નથી, તેવા ૬૨ બાકીદારો સામે મનપાએ આકરું વલણ અપનાવ્યું છે. આ આસામીઓ સામે ’નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ’ (ચેક રિટર્ન) ની કલમો હેઠળ પોલીસ ફરિયાદ અને કોર્ટ કાર્યવાહી કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. મનપાની આ આક્રમક કાર્યવાહીને પગલે અન્ય વેરો ન ભરનારા તત્વોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.
ટેક્સ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં પણ વેરાની વસૂલાત માટે આ પ્રકારની આકરી ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે. ખાસ કરીને ચેક બાઉન્સના કિસ્સામાં કોઈ પણ પ્રકારની સાયબી કે શેહ-શરમ રાખ્યા વગર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### પાણી વગર યાત્રાથી પ્રવાસીઓ હેરાન

# ગિરનારમાં 10 હજાર પગથિયા, પાણી માત્ર એક જ જગ્યાએ !




## યાત્રાળુઓ તરસ્યા, વ્યવસ્થા નિષ્ફળ

## ગિરનાર ચઢાણમાં તરસનો ત્રાસ !

## પ્લાસ્ટિકની બોટલ લઈ જવા પર પ્રતિબંધ

સિટી ન્યૂઝ@જૂનાગઢ

જૂનાગઢમાં આગઝરતી ગરમી વચ્ચે હાલ ગિરનાર ચડવા આવતા પ્રવાસીઓએ પીવાના પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે. પ્લાસ્ટિક બોટલ લઈ જવા પર પ્રતિબંધ હોવાના કારણે પ્રવાસીઓને નીચે જ પાણીની બોટલ મૂકાવી દેવામાં આવે છે. પર્વત પર રસ્તામાં ઈકો ફ્રેન્ડલી બોટલમાં પાણી મળે છે, પરંતુ તે ઊંચા ભાવે અને ભેળસેળ વાળું મળતું હોવાની ફરિયાદો ઉઠી છે. ગિરનાર ચડવા આવતા પ્રવાસીઓ સાથે વાતચીત કરી સ્થિતિ જાણવાનો પ્રયાસ કર્યો હતો. ધોમધખતા તાપમાં ગિરનારની સીડીઓ જાણે આગ ઓકતી હોય તેવો અનુભવ થયો. માત્ર ૨૫થી 30 સીડીઓ ચડતા જ સામાન્ય માણસનો શ્વાસ ફૂલી જાય તેવી કાળઝાળ ગરમીમાં, નાના બાળકો સાથે આવતા પરિવારો જ્યારે ૫,૦૦૦થી ૧૦,૦૦૦ પગથિયાં ચડતા દેખાયા, ત્યારે પાણી વિના તેમની હાલત કેવી થતી હશે તેનો અંદાજ તંત્રને નથી. પ્રશાસન દ્વારા પાણી કે શૌચાલયની કોઈ વ્યવસ્થા કરાઈ નથી. અંબાજી મંદિર નજીકનું શૌચાલય ખંઢેર હાલતમાં છે, જ્યારે રસ્તામાં દુકાનોમાં પાણીની બોટલો ૫૦ રૂપિયામાં વેચાય છે. પ્રવાસીઓના આક્ષેપ મુજબ, ઘણી બોટલો સીલ મારેલી હોતી નથી અને તેમાં લોકલ પાણી ભરીને પધરાવી દેવામાં આવે છે. થોડા સમય પહેલા તંત્રએ જાહેરાત કરી હતી કે, ૮૩ કરોડના ખર્ચે હસનાપુર ડેમનું પાણી ફ્લોટિંગ પંપ દ્વારા અંબાજી સુધી પહોંચાડવામાં આવશે. પરંતુ આ કામ ક્યારે શરૂ થશે તેની કોઈ સત્તાવાર માહિતી નથી. હાલના સમયમાં પ્રવાસીઓ માટે કોઈ જ વૈકલ્પિક વ્યવસ્થા નથી. અંબાજી મંદિર પાસે રોપ-વે દ્વારા એક કુલર મુકાયું છે અને દત્તાત્રેય માર્ગ પર મંદિર દ્વારા એક વ્યવસ્થા છે, જે અપૂરતી છે. જૂનાગઢનું વહીવટી તંત્ર સુવિધાઓ મુદ્દે મગનું નામ મરી પાડવા તૈયાર નથી. જો આ જ સ્થિતિ રહી, તો ગિરનાર આવતા પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઘટાડો થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. શ્રદ્ધાળુઓ હવે પાણી અને શૌચાલય જેવી પાયાની જરૂરિયાતો માટે સરકાર અને તંત્ર સામે સવાલો ઉઠાવી રહ્યા છે.

## સરકાર કરોડોની ગ્રાન્ટ આપે છે પણ સ્થાનિક તંત્ર ગંભીર નથી



મહારાષ્ટ્રના મહેશ ફિશકે એ જણાવ્યું કે અમે પરિવાર સાથે દત્ત પ્રભુના દર્શન કરવા આવ્યા હતા, પણ અહીં પાયાની સુવિધાઓનો અભાવ જોઈ આઘાત લાગ્યો. મહિલાઓ માટે શૌચાલયની વ્યવસ્થા ન હોવી એ ગંભીર બાબત છે. અત્યારે જે પાણી મળે છે તે પણ મંદિર દ્વારા અપાય છે, પ્રશાસન તરફથી કોઈ મદદ નથી. સરકાર કરોડોની ગ્રાન્ટ આપે છે પણ સ્થાનિક તંત્ર ગંભીર નથી. જો સુધારો નહીં થાય તો શ્રદ્ધાળુઓનો પ્રવાહ ઘટી જશે.મહારાષ્ટ્રના ગૌતમભાઈએ તંત્રની નિષ્ક્રિયતા અંગે જણાવ્યું કે, મારો આજનો અનુભવ ખૂબ પરેશાનીવાળો રહ્યો. પાણી માટે લોકો તડપે છે અને એક બોટલના ૫૦ થી ૧૦૦ રૂપિયા લેવાય છે. મંદિર પાસે પૂજારીઓ બેસવા નથી દેતા અને કહે છે કે ઘરે મંદિર બાંધી લો. ચોટીલા કે સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી છાંયડાની વ્યવસ્થા અહીં પણ હોવી જોઈએ.



# ફેમિના બ્યૂટી એવોર્ડ્સ

## અનન્યાથી તમન્ના સુધી ગ્લેમર છવાયું

મુંબઈમાં તાજેતરમાં ફેમિના બ્યુટી એવોર્ડ્ઝ ૨૦૨૬નું આયોજન થયું હતું. જેમાં અનન્યા પાંડેને 'ધ ગ્લોબલ ફેસ એવોર્ડ', ક્રિતિ સેનનને 'બ્યુટી એન્ટરપ્રેન્યોર ઓફ ધ યર' એવોર્ડ, અદિતિ રાવ હૈદરીને 'ધ ઈટર્નલ મ્યૂઝ એવોર્ડ', કબીર બેદીને 'ટાઈમલેસ આઈકોન (મેલ)' એવોર્ડ, તમન્ના ભાટિયાને 'ધ ગોલ્ડન બ્યુટી એવોર્ડ' સહિતના એવોર્ડ્ઝ મળ્યા હતા. ક્રિતિ સેનન, અનન્યા પાંડે, તમન્ના ભાટિયા, વેદાંગ રૈના, વિજય વર્મા, શનાયા કપૂર, હિના ખાન, રસિકા દુગ્ગલ, પ્રતિભા રાંટા, રીયા ચક્રવર્તી સહિત અનેક સેલેબ્સ ઈવેન્ટમાં હાજર રહ્યાં હતાં.



## નોરા ફતેહીએ અશ્લીલ ગીત પર માફી માંગી

ફિલ્મ 'KD ધ ડેવિલ'ના ગીત 'સરકે ચુનર'માં અશ્લીલતા ફેલાવવાના મામલે ગુરુવારે બોલિવૂડ એક્ટ્રેસ નોરા ફતેહી રાષ્ટ્રીય મહિલા આયોગ (NCW) સમક્ષ હાજર થઈ હતી. નોરાએ આયોગને લેખિત માફીપત્ર સુપરત કર્યું અને સ્પષ્ટ કર્યું કે તેનો ઈરાદો કોઈની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો ન હતો. નોરાએ મહિલા આયોગને જણાવ્યું કે ભવિષ્યમાં તે આવા આઈટમ સોંગ્સ નહીં કરે જેનાથી મહિલાઓના સન્માનને ઠેસ પહોંચે અથવા સમાજમાં મહિલાઓ પ્રત્યે ખોટો સંદેશ જાય. આ સાથે નોરાએ અનાથ બાળકીઓના શિક્ષણનો ખર્ચ ઉઠાવવાની જવાબદારી પણ લીધી છે.

## 49ની મલ્લિકા હજુ પણ સુપરહિટ



૪૯ વર્ષની મલ્લિકા શેરાવતે હાલમાં સોશ્યલ મીડિયા પર પોતાની ફિટનેસ દેખાડીને લખ્યું કે 'કોઈ નસીબ નહીં, કોઈ શૉર્ટકટ નહીં. મેં આ શરીર રોજ આકરી મહેનત કરીને બનાવ્યું છે, જ્યારે મન નહોતું ત્યારે પણ મેં પ્રયાસ કર્યો છે. તમે ક્યારેય પણ તમારી સફર શરૂ કરી શકો છો. શરીર એ ક્ષણે બદલાવા લાગે છે જ્યારે મન એના માટે પ્રતિબદ્ધ થાય છે.' મલ્લિકા આ તસવીરોમાં વર્કઆઉટ ગિઅર પહેરીને ડમ્બેલ્સ તથા પાવર રેક્સ વચ્ચે આત્મવિશ્વાસથી પોઝ આપતી જોવા મળે છે.

# વરરાજાએ મીઠાઈ ખાવામાં નખરાં કર્યા : દુલ્હને સ્ટેજ પર જ લાફો ઝીંકી દીધો !




**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ભારતીય લગ્નોમાં પરંપરાઓ અને રીત-રિવાજોની સાથે ક્યારેક એવી રમુજી ઘટનાઓ બની જાય છે જે આખી જિંદગી માટે યાદગારબની જતી હોય છે. હાલમાં સોશિયલ મીડિયા પર એક દેશી લગ્નનો એવો જ રમુજી વીડિયો વાયરલ થયો છે, જેમાં એક સામાન્ય મીઠાઈ ખવડાવવાની વિધિ અચાનક હાસ્યના દ્રશ્યોમાં ફેરવાઈ ગઈ હતી.

વીડિયોમાં જોઈ શકાય છે કે વર-કન્યા સ્ટેજ પર પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને ઊભા છે. લગ્નની વિધિઓ ચાલી રહી છે અને ચારેબાજુ ખુશીનો માહોલ છે. આ દરમિયાન મીઠાઈ ખવડાવવાની રસ્મ શરૂ થાય છે. કન્યા ખૂબ જ પ્રેમથી અને મરક-મરક હસતા વરરાજાને મીઠાઈ ખવડાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ વરરાજા કંઈક અલગ જ મૂડમાં હોય તેમ લાગે છે.

સામાન્ય રીતે આવી વિધિઓમાં વર-કન્યા એકબીજા સાથે મજાક કરતા હોય છે, પરંતુ અહીં વરરાજાએ નખરા કરવામાં હદ વટાવી દીધી. કન્યા વારંવાર મીઠાઈ મોઢા પાસે લઈ જતી હતી, પણ વરરાજા મોઢું ફેરવી લેતા હતા. શરૂઆતમાં કન્યાએ આ બધું હસતા મુખે સહન કર્યું, પણ જ્યારે વરરાજા લાંબો સમય સુધી માની ન રહ્યા ત્યારે કન્યાનો ધીરજ ખૂટી ગઈ.

વીડિયોમાં જોવા મળે છે કે વરરાજાના સતત નખરાથી કંટાળીને કન્યાએ અચાનક ગુસ્સામાં આવી વરરાજાને એક



જોરદાર થપ્પડ લગાવી દીધી. આ જોઈને સ્ટેજ પર હાજર મહેમાનો અને સંબંધીઓ એક ક્ષણ માટે સ્તબ્ધ થઈ ગયા. કોઈને સમજાયું જ નહીં કે હજી તો રમત ચાલતી હતી ત્યાં આ શું થઈ ગયું! જોકે, સૌથી વધુ રમુજી દ્રશ્ય તો થપ્પડ ખાધા પછી જોવા મળ્યું. થપ્પડ ખાધા પછી વરરાજા જે રીતે એકદમ શાંત અને માસૂમ ચહેરો બનાવીને ઊભા રહી ગયા, તે જોઈને સોશિયલ મીડિયા યુઝર્સ હસી-હસીને લોટપોટ થઈ રહ્યા છે. લોકો કોમેન્ટમાં લખી રહ્યા છે કે, "આ તો લગ્ન પછીના જીવનનું ટ્રેલર છે." તો કોઈ કહી રહ્યું છે કે વરરાજાની માસૂમિયત જોવા જેવી છે. ભારતીય લગ્નોનો આ વીડિયો અત્યારે ઇન્ટરનેટ પર જોરદાર ધૂમ મચાવી રહ્યો છે.




# જોડિયા બાળકો, પણ પિતા અલગ-અલગ

## એક સમયે બે પુરૂષો સાથે સબંધમાં હતી મહિલા

**સિટી ન્યૂઝ@રિયો ડી જાનેરો**

બ્રાઝીલમાંથી એક અનોખી અને અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેના વિશે સાંભળીને મેડિકલ સાયન્સ પણ હચમચી ગયું છે. અહીં એક ૧૯ વર્ષની યુવતીએ એક જ સમયે બે અલગ-અલગ પુરુષો સાથે સંબંધ બાંધ્યા અને તે બંનેથી પ્રેગ્નન્ટ થઈ ગઈ. પરિણામે, જ્યારે તેણે જોડિયા બાળકોને જન્મ આપ્યો ત્યારે બંને બાળકોના પિતા અલગ-અલગ હતા.

બાળકોનો દેખાવ અલગ લાગતા મહિલાને શંકા આવી ત્યારે તેણે એક પુરુષને પિતા માનીને પિતૃત્વ પરીક્ષણ કરાવ્યું. રિપોર્ટમાં સામે આવ્યું કે તેનું DNA માત્ર એક બાળક સાથે જ મેળ ખાતું હતું, બીજું બાળક સાથે કોઈ મેળ નહોતો. મહિલાને યાદ આવ્યું કે એ જ દિવસે તેણે બીજા પુરુષ સાથે પણ સંબંધ બાંધ્યા હતા. પછી બીજા પુરુષનો ટેસ્ટ કરાવાયો તો તેનું DNA બીજા બાળક સાથે મેળ ખાતું હતું. આ ઘટના મેડિકલ વિજ્ઞાનમાં 'હેટ્રોપેટરનલ સુપરફિકન્ડેશન કહેવાય છે. તેમાં મહિલા એક જ માસિક ચક્રમાં બે અંડા




રિલીઝ કરે છે અને બંને અંડા અલગ-અલગ પુરુષોના સ્પર્મથી ફર્ટિલાઈઝ થાય છે. સ્પર્મ શરીરમાં ઘણા દિવસો સુધી જીવિત રહી શકે છે, એટલે અલગ-અલગ સમયે સંબંધ બાંધવાથી પણ આવું બની શકે છે. માનવોમાં આવી ઘટના ખૂબ જ દુર્લભ છે. અત્યાર સુધી દુનિયાભરમાં માત્ર આશરે ૨૦ આવા કેસ નોંધાયા છે. કૂતરા, બિલાડી જેવા પ્રાણીઓમાં આવું સામાન્ય છે, પણ માનવોમાં બહુ ઓછું જોવા મળે છે. આ કેસમાં બંને જોડિયા બાળકો હાફ-સિબ્લિંગ્સ છે, કારણ કે તેમની માતાનું જનેટિક મટિરિયલ તો એક છે, પણ પિતા અલગ છે.

### આવું શક્ય કેમ બને છે?

મહિલાના માસિક ચક્રમાં સામાન્ય રીતે એક જ અંડું રિલીઝ થાય છે. પણ ક્યારેક બે કે વધુ અંડા રિલીઝ થઈ શકે છે. જો મહિલા એ સમયે બે અલગ-અલગ પાર્ટનર સાથે સંબંધ બાંધે તો બંને અંડાનું ફર્ટિલાઈઝેશન અલગ-અલગ સ્પર્મથી થઈ શકે છે. હાલ આ ઘટના સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. લોકો આશ્ચર્ય, મજાક અને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે.

# ઊંચાઈ કે ઠીંગણું? બંને બન્યા ચિંતાજનક

## 6.6 ફુટની કંડક્ટરની ઊંચાઈ બની દુઃખાવો

### બસ કંડક્ટરની ગરદન જકડાઈ સરકારના આદેશથી બસની અંદર નહીં બહાર નોકરી સોંપી

સિટી ન્યૂઝ@હૈદરાબાદ

હૈદરાબાદના એક બસ કંડક્ટરનો કિસ્સો હાલ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચામાં છે. સામાન્ય રીતે લોકો પોતાની ઊંચાઈને ગર્વની વાત ગણતા હોય છે, પરંતુ મહેદીપટ્ટનમ ડેપોમાં કાર્યરત અમીન અહેમદ અંસારી માટે તેમની ૬ ફૂટ ૬ ઈંચની લંબાઈ મુસીબતનું કારણ બની ગઈ છે.તેલંગાણા રાજ્ય પરિવહન નિગમમાં ફરજ બજાવતા કંડક્ટર અમીન અહેમદ અંસારીની ઊંચાઈ આશરે ૧૯૮ સેન્ટિમીટર (૬ ફૂટ ૬ ઈંચ) છે. સામાન્ય લોકોની સરખામણીએ તેમની લંબાઈ ઘણી વધારે હોવાથી બસની અંદર ફરજ બજાવવી તેમના માટે શારીરિક રીતે અત્યંત કષ્ટદાયક બની રહી હતી. બસની છતની ઓછી ઊંચાઈ અને સાંકડી ગલીઓને કારણે તેમને સતત નમીને ચાલવું પડતું હતું.બસમાં ટિકિટ આપવા માટે અને મુસાફરોની અવરજવર વચ્ચે સતત ઝૂકીને કામ કરવાને કારણે અમીનને ગરદન અને પીઠમાં અસહ્ય દુખાવો થવા લાગ્યો હતો. રિપોર્ટ મુજબ, તેમની ઓડી ડ્યુટી પૂર્ણ થયા બાદ જ્યારે તેઓ ફરીથી બસમાં નિયમિત ફરજ પર પરત ફર્યા, ત્યારે માત્ર થોડા જ દિવસોમાં તેમની શારીરિક તકલીફો વધી ગઈ હતી. સતત નમીને રહેવાથી તેમને કરોડરજ્જુ અને સ્નાયુઓમાં ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો.અમીન અહેમદ




અંસારીની આ સમસ્યાને ગંભીરતાથી લેતા પરિવહન નિગમના મુખ્યાલયે ૫ મેના રોજ એક સત્તાવાર આદેશ જાહેર કર્યો છે. તંત્રએ માનવતાવાદી અભિગમ અપનાવીને તેમને ફરીથી ઓડી ડ્યુટી (OD Duty) સોંપી દીધી છે.

## ભવિષ્યમાં ઠીંગણા લોકોની વસતી વધવાની વૈજ્ઞાનિકોની આશંકા

## માનવ ઊંચાઈમાં ઘટાડોઃ શું આવશે 'ઠીંગણા'નો યુગ?

સિટી ન્યૂઝ@હૈદરાબાદ

છેલ્લા ૧૫૦ વર્ષમાં માનવ પ્રજાતિની સરેરાશ ઊંચાઈમાં સતત વધારો જોવા મળ્યો હતો, પરંતુ હવે આ વૃદ્ધિ અટકી રહી હોવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના સંશોધકોના મતે, ક્લાઈમેટ ચેન્જના કારણે વધતી ગરમી અને ભેજ બાળકોની ઊંચાઈ ઘટાડવા માટે જવાબદાર છે. ખાસ કરીને દક્ષિણ એશિયાના દેશોમાં ગર્ભાવસ્થા દરમિયાન જો માતા ૩૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન અને વધુ ભેજનો સામનો કરે, તો જન્મેલા બાળકની ઊંચાઈમાં અપેક્ષિત વધારા સામે ૧૩ ટકા સુધીનો ઘટાડો જોવા મળી શકે છે.વૈજ્ઞાનિક અભ્યાસો દર્શાવે છે કે માનવીની ઊંચાઈ માત્ર જીનેટિક્સ પર જ નહીં, પરંતુ પોષણ, આરોગ્ય અને પર્યાવરણીય સ્થિતિ પર પણ નિર્ભર કરે છે. ભૂતકાળમાં ૧૭મી સદી દરમિયાન યુરોપમાં 'લિટલ આઈસ એજ' અને રોગચાળાને કારણે પુરુષોએ સરેરાશ ૨.૫ ઈંચ ઊંચાઈ ગુમાવી હતી, જે ૨૦મી સદીમાં ફરી પ્રાપ્ત થઈ હતી. જોકે, હાલમાં નેધરલેન્ડ અને અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ સરેરાશ ઊંચાઈમાં ઘટાડો અથવા સ્થિરતા નોંધાઈ રહી છે, જેના માટે બદલાતી આહાર શૈલી અને બાળકોમાં વધતી મેદસ્વીતાને મુખ્ય કારણ માનવામાં આવે છે.વૈશ્વિક સ્તરે ઊંચાઈમાં જોવા મળતી અસમાનતા સામાજિક અને આર્થિક તફાવતોને આભારી છે. ઉત્તર અને દક્ષિણ કોરિયાનું ઉદાહરણ આપતા સંશોધકો જણાવે છે કે સમૃદ્ધ દક્ષિણ કોરિયાના લોકો ઉત્તર કોરિયાના લોકો કરતા સરેરાશ ૮ સેન્ટીમીટર વધુ ઊંચા છે. આ જ રીતે ઈરાન અને દક્ષિણ કોરિયાની મહિલાઓની ઊંચાઈમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં મોટો ઉછાળો આવ્યો છે, જ્યારે પાકિસ્તાન જેવા દેશોમાં આ વૃદ્ધિ અત્યંત ધીમી રહી છે.નિષ્ણાતોના મતે, ભવિષ્યમાં ક્લાઈમેટ ચેન્જની નકારાત્મક અસરો સામે ટકી રહેવા માટે અનુકૂલન સાધવું અત્યંત જરૂરી બનશે. જો ગરીબ અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં પોષણયુક્ત આહાર અને જીવનધોરણમાં સુધારો નહીં આવે, તો આવનારા દાયકાઓમાં માનવ વસતીમાં ઊંચાઈ ઘટવાનું જોખમ વધુ પ્રબળ બનશે.



## વડોદરામાં આલ્કલાઈન વોટર કંપનીમાં FSSAIનો દરોડો

# ‘હેલ્ધી વોટર’ આલ્કલાઈનમાં પણ ગરબડ?

## આલ્કલાઈનના નામે વેંચાતી પાણીની બોટલનું પાણી પીવાલાયક નથી

**સિટી ન્યૂઝ@વડોદરા**

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા અલ્કલાઈન વોટર બનાવતી એક કંપની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડોદરામાં આવેલી કંપનીમાં તપાસ દરમિયાન અનેક ગંભીર ગેરરીતિઓ સામે આવતા અધિકારીઓએ તાત્કાલિક દરોડા પાડી કાર્યવાહી શરૂ કરી હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે કંપની દ્વારા વેચાતી પાણીની બોટલોના પેકિંગ પર પ્રોડક્ટનું યોગ્ય નામ દર્શાવવામાં આવ્યું નહોતું. એટલું જ નહીં, પાણીના સેમ્પલમાં કાળા કણો જોવા મળતા આરોગ્ય સુરક્ષાને લઈને ચિંતા ઉભી થઈ હતી. આ ઘટનાને પગલે ફૂડ વિભાગે તાત્કાલિક નમૂનાઓ લેબ ટેસ્ટ માટે મોકલ્યા હતા. લેબોરેટરી રિપોર્ટમાં પાણીમાં કેટલાક બિનજરૂરી અને માનવ આરોગ્ય માટે યોગ્ય ન ગણાતા તત્વો મળ્યા હોવાનું બહાર આવ્યું છે. જેના આધારે FSSAIએ કંપની સામે વધુ કડક કાર્યવાહી શરૂ કરી છે. દરોડા દરમિયાન અધિકારીઓએ અંદાજે રૂ.૩૧.૬૧ લાખનો અલ્કલાઈન વોટરનો જથ્થો જપ્ત કર્યો હતો. સાથે જ ઉત્પાદન અને પેકિંગ પ્રક્રિયાની પણ વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ફૂડ સેફ્ટી વિભાગે જણાવ્યું કે ગ્રાહકોના આરોગ્ય સાથે કોઈપણ પ્રકારનો સમાધાન સહન કરવામાં આવશે નહીં અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક પગલાં લેવાશે.



**પાણીમાં કાળા કણો મળતા હડકંપ : 32 લાખનો આલ્કલાઈન વોટરનો જથ્થો જપ્ત**

## શિક્ષણ તંત્રની બેદરકારી હજારો વિદ્યાર્થીઓનું ભાવિ અધવચ્ચે અટક્યું

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં અંધેર તંત્ર

# B.Sc.નું 38 દિવસથી રિઝલ્ટ અટક્યું

**સિટી ન્યૂઝ@વડોદરા**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષા વિભાગનું અંધેરતંત્ર સામે આવ્યું છે. અહીં B.Sc. સેમ.૬ ના ૧૨૬૮ વિદ્યાર્થીઓ પરીક્ષાના ૩૮ દિવસ બાદ પણ પરિણામ વિહોણા છે. તાત્કાલિક પરિણામ જાહેર કરવા માટે કુલપતિ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. આમ છતાં પણ રીઝલ્ટ જાહેર કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષા વિભાગમાં પોતાના પરિણામ અંગે પૂછવા માટે આવે છે ત્યારે ઇન્ચાર્જ પરીક્ષા નિયામક ડૉ. મનીષ શાહ મોટાભાગે ગેરહાજર જોવા મળે છે. જ્યારે પરીક્ષા વિભાગના OSD નિલેશ સોની આફ્રિકા ફરવા ગયા હોવાથી વિદ્યાર્થીઓ વિલા મોઢે પરત ફરે છે. જેથી કુલપતિ અને રજીસ્ટ્રાર દ્વારા ધણીધોરી વિનાના પરીક્ષા વિભાગની કમાન અનુભવી અને સંનિષ્ઠ અધિકારીના હાથમાં સોંપવામાં આવે તે જરૂરી છે.



**અધિકારીઓ ગેરહાજર, વિદ્યાર્થીઓ પરેશાન**

પ્રાપ્ત વિગત મુજબ, ગત ૩૦ માર્ચથી બેચલર અને માસ્ટર ડિગ્રીના છેલ્લા સેમેસ્ટરના ૪૫,૨૯૬ વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ હતી. ૧૨૦ પરીક્ષા કેન્દ્ર પરથી આ એક્ઝામ લેવામાં આવી હતી. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓના પરિણામ જાહેર થઈ ગયા પરંતુ બી.એસસી. સેમેસ્ટર - ૬ નુ રિઝલ્ટ ૩૮ દિવસ બાદ પણ જાહેર ન થતા ૧૨૬૮ વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ સિવાય સેમેસ્ટર -૬ માં બી.એ.માં ૧૩૬૮૬, બી.કોમ.માં ૧૧૪૯૩, બી.સી.એ. માં ૫૯૦૩, બી.બી.એ. માં ૨૯૯૨ અને એલ. એલ. બી. માં ૨૩૧૧ છાત્રોએ પરીક્ષા આપી હતી. જેના પરિણામો જાહેર થઈ ચૂક્યા છે.

યુનિવર્સિટીમાં કાયમી પરીક્ષા નિયામકની જગ્યા પર લાંબા સમયથી ભરતી થઈ નથી. જેથી પરીક્ષા વિભાગનો વહીવટ ખાડે ગયો છે. વિદ્યાર્થીઓની પરીક્ષા તો ઝડપથી લેવાય છે પરંતુ પરિણામો મોડા જાહેર થાય છે. રેગ્યુલર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિણામ ત્રણ મહિના બાદ પણ જાહેર થતા નથી જ્યારે અમૂક રીપીટર વિદ્યાર્થીઓને તો રીઝલ્ટ માટે ૬ માસથી વધુ સમય રાહ જોવી પડે છે. પેપર ચેકિંગની કામગીરી સંભાળતો સ્ટાફ પણ કોન્ટ્રાક્ટ આધારિત છે ત્યારે યુનિવર્સિટીના કાયમી કુલપતિ ડૉ. ઉત્પલ જોશી અને કુલસચિવ અજયસિંહ જાડેજા દ્વારા પરીક્ષાના પરિણામોની ચોક્કસ તારીખ જાહેર કરી તે તારીખે જ પરિણામો જાહેર થાય તે જરૂરી છે.

# ચુંટણીના માહોલ વચ્ચે દોઢ મહિનામાં દબાણ હટાવ શાખાએ ₹.22,11,576નો ચાર્જ વસુલ્યો

## 180 રેંકડી- કેબીન અને રાજકીય પોસ્ટર સહીત 21,776 બોર્ડ-બેનરો જપ્ત કર્યા





સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તારીખ ૧૬ માર્ચથી 30 એપ્રિલ દરમિયાન રાજકોટ શહેરમાં જાહેર માર્ગો પર અસ્થાઈ દબાણ રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો તેમજ બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

ધરાર માર્કેટ,સંતકબિર રોડ, પેડક રોડ,કોઠારીયા રોડ,મવડી મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી,કાલાવડ રોડ,જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ,પરા બજાર પાસેથી રસ્તા પર નડતર રૂપ ૧૮૦ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.ધરાર માર્કેટ,સંતકબિર રોડ, પેડક રોડ,કોઠારીયા રોડ,મવડી મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી,કાલાવડ રોડ,જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ,પરા બજાર,ગુંદાવાડી,પરા બજાર,ગાયત્રીનગર મેઈન રોડ,યાજ્ઞિક રોડ,રેસકોર્ષ ગ્રાઉન્ડ પાસેથી જુદીજુદી અન્ય ૨૦૬૯ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ છે સેટેલાઈટ ચોક,કોઠારીયા રોડ,મોરબી રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,ચુનારાવાડ મેઈન રોડ,ઢેબર રોડ,રેશકોર્ષ રિંગ રોડ,જામનગર રોડ,બંજરવાડી સર્કલ પાસે,મહીલા અંડરબ્રિજ,કાલાવડ રોડ,મવડી મેઈન રોડ,ગોંડલ ચોકડી,પુનીત નગરનાં ટાંકા પાસેથી મવડી ચોકડી પરથી ૨૧૭૭૬ બોર્ડ-બેનર જપ્ત કરેલા છે.

### 10,991 કિલો શાકભાજી અને ફળ જપ્ત કરાયા

ધરાર માર્કેટ,પેડક રોડ,પારેવડી ચોક, કેસરી હિન્દ પુલ,કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે,મવડી મેઈન રોડ,પુષ્કરધામ મેઈન રોડ,સાધુવાસવાણી રોડ,૧૫૦ રિંગ રોડ,રૈયા ધાર રોડ,રામાપીર ચોકડી,કાલાવડ રોડ,જ્યુબેલી,જંક્શન રોડ,ઢેબર રોડ,પરા બજાર,ગુંદાવાડી,પરા બજાર પાસેથી ૧૦૯૯૧ કિલો શાકભાજી અને ફળ જપ્ત કરવામાં આવ્યા છે.

### મંડપ– કમાન–છાંજલીના રૂ 9,34,586 ઉપજ્યા

કોઠારીયા રોડ, સંતકબીર રોડ,પેડક રોડ,ભાવનગર રોડ,પુષ્કરધામ મેઈન રોડ,,યુનિ.રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ, મવડી વિસ્તાર, સ્વામીનારાયાણ ચોક,ઢેબર રોડ,સોરઠીયાવાડી પાસેથી રૂ.૯,૩૪,૫૮૬/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ છે.

### રૂ.12,76,990 નો વહીવટી ચાર્જ વસુલાયો

૮૦ફુટ રોડ,પારેવડી ચોક ,સંતકબીર રોડ,ધરાર માર્કેટ,કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ,કુવાડવા રોડ૮૦ફુટ રોડ,અટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૧૨,૭૬,૯૯૦/- વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



# 4 મહિના પૂર્વે પરણેલા શાપરના કારખાનેદારનું હાર્ટએટેકથી મોત


સિટી ન્યૂઝ@રાજકોટ

શાપરમાં કારખાનું ચલાવતા અને બે ભાઈઓમાં મોટા જેનીશભાઈ રાજેશભાઈ પીપળવા (ઉ.વ. 30) ને ગઈકાલે અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. તેમને તાત્કાલિક રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા, પરંતુ તબીબોની સઘન સારવાર કારગત નીવડે તે પહેલાં જ તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જેનીશભાઈના લગ્ન માંડ ૪ મહિના પહેલા જ થયા હતા. નવપરિણીત પત્નીના હાથની મહેંદી સુકાય તે પહેલાં જ તેણે પતિની છત્રછાયા ગુમાવતા તે ઊંડા આઘાતમાં સરી પડી છે અને ઘરમાં ભારે આક્રંદ છવાયો છે. હોસ્પિટલની જાણ થતાં શાપર પોલીસે તાત્કાલિક રાજકોટ પહોંચી કાયદેસરની કાર્યવાહી કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. પ્રાથમિક તપાસમાં યુવાનનું હાર્ટ એટેકથી જ મોત થયાની પુષ્ટિ થઈ છે.

# ગોપાલના મમ્મી-પપ્પાનું એક નાનકડુ વિશ્વ હતું, પણ ગોપાલ તે વિશ્વને વિશાળ બનાવવા માંગતો હતો




ગોપાલ પપ્પાની મનોસ્થિતિ સમજી શકતો હતો. તેને પોતાની ઉપર બહુ જ ગુસ્સો આવી રહ્યો હતો. હવે તેને પોતાને જ લાગતું હતું કે, તેને કોઈ લાઠી આપે તો પોતે જ પોતાની પીઠ ઉપર લાઠીઓ વરસાવે. ગોપાલ ફરી રડી પડ્યો. રડતાં રડતાં તેનું ધ્યાન પેલા આધેડ પોલીસવાળા તરફ ગયું. તે પી.એસ.ઓ. સાથે કંઈક વાત કરી રહ્યા હતા. ગોપાલે બૂમ પાડી, “દાદા... ઓ દાદા...” દાદાએ પાછા ફરીને જોયું તો ગોપાલે ઈશારો કર્યો અને દાદા લોકઅપ પાસે આવ્યા. ગોપાલે પેલા સ્નેચર્સ સાંભળતા તો નથીને? તેની ખાતરી કરવા તેમની તરફ જોયું; પછી ધીમા અવાજે કહ્યું, “દાદા, હું બધું જ સાચું કહેવા તૈયાર છું.”દાદા તેની સામે જોતા રહ્યા. તેમના ચહેરા ઉપર એક આછું સ્મિત આવી ગયું. પણ તે સ્મિત છૂપાવીને માત્ર એટલું જ બોલ્યા, “સારું.” પણ દાદા મનમાં ખુશ હતા. કારણ કે તેમનો દાવ સફળ થયો હતો. પોલીસના મારથી નહીં તૂટતા આરોપીઓને તેમણે પરિવાર સામે તૂટતા જોયા હતા. એટલે તે ઈરાદાપૂર્વક ગોપાલના મમ્મી, પપ્પા અને નિશીને લઈ આવ્યા હતા. ગોપાલ ઉત્તરની રાહ જોઈ રહ્યો હતો. દાદાએ વિચાર કરી ઘડિયાળ સામે જોયું અને કહ્યું, “ચૌધરી સાહેબ નાઈટ કરીને ગયા છે. બપોરના ૧૨-૧ સુધી આવશે. પછી તને બોલાવીએ.” ગોપાલને પહેલી વખત ખબર પડી કે, રાત્રે જે સાહેબ ફટકારી રહ્યા હતા; તે ચૌધરી સાહેબ હતા. ગુનો કબૂલ કરવાનો નિર્ણય કરતાં જ ગોપાલને લાગ્યું કે, માથા ઉપર રહેલો હજાર મણનો પથ્થર હટી ગયો! જતી વખતે દાદાએ પી.એસ.ઓ.ના ટેબલ પાસે ઊભા રહેલા પોલીસવાળાને સૂચના આપી, “આ છોકરાને કંઈ જોઈએ તો ધ્યાન આપજો.” ત્યારે ત્યાં પેલો જે પોલીસવાળો ઊભો હતો તેણે કહ્યું, “દાદા, તમારે કહેવું ન પડે. આપણી નોકરી હોય ત્યારે બધા સાથે સમભાવ. પોલીસ હોય કે ગુનેગાર.” આ એ જ પોલીસવાળો હતો, જેણે ગઈકાલે ગોપાલને મસાલો ખવડાવ્યો હતો. દાદા તેની વાત સાંભળી હસી પડ્યા. ગોપાલના ચહેરા પર પણ પહેલી વખત સ્મિત આવ્યું. ગોપાલને એકદમ પોતાનું અમદાવાદનું જૂનું ઘર યાદ આવી ગયું. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં તેનું ઘર. ત્યાં જ તેનો જન્મ થયો હતો. એક મોટી બહેન પછી બે વર્ષે ગોપાલનો જન્મ થયો હતો. ઘર નાનું હતું, પણ આનંદ ઠાંસી ઠાંસીને ભર્યો હતો. ગરીબીમાં બીજો અભાવ હતો, પણ એકબીજાને સાચવી લેવાની પરિવારમાં સમજ હતી. વૃદ્ધ દાદી, મમ્મી-પપ્પા, મોટી બહેન અને બે કાકાનો પરિવાર હતો. પપ્પા ઘરમાં સૌથી મોટા હતા. જેના કારણે શિક્ષણ તેમના ભાગે આવ્યું જ નહીં. પણ શિક્ષણના અભાવે જિંદગી જીવવાની કળા બરાબર સમજાઈ ગઈ હતી. ગોપાલના પપ્પાને પસ્તીનો ધંધો હતો. રોજ સવાર પડે લારી લઈ સોસાયટીઓમાં નીકળી પડતા. પપ્પાનો આગ્રહ હતો કે, પોતાને ભણવાનો અવકાશ મળ્યો નહીં, પણ પોતાના સંતાનો પગભર થાય એટલું તો જરૂર ભણે. મમ્મી મૂળ ઉમરેઠની, લગ્ન કરીને આવી ત્યારથી સંકડામણમાં. પણ તેણે બધાને સંભાળી લીધાં. ક્યારેય કોઈ ફરિયાદ નહીં, ટંટો નહીં. દાદીનું કામ બહુ ચીવટ ભર્યું. મમ્મી કામ કરતી હોય ત્યારે દાદીની નજર મમ્મી તરફ જ હોય. અને સૂચના આપવા માટે તેમની જીભ તો સતત ચાલતી જ હોય. પણ મમ્મીએ ક્યારેય દાદીને સામો જવાબ પણ આપ્યો નથી. તેના મોઢામાંથી હંમેશા એક જ જવાબ નીકળતો “જી બા.” ઘરની નજીક જ ગોપાલની સ્કૂલ હતી. સ્કૂલની નજીકમાં આવેલા વડના ઝાડ પાસે મંદિર હતું. રોજ બપોરે રિસેસ પડે એટલે ગોપાલ સ્કૂલેથી દોડતો મંદિરે પહોચી જતો. ત્યાં દાદી અને દાદીની મંડળી ભજન કરતી હોય. ગોપાલ દાદી પાસે જાય એટલે દાદી ભજનને વિરામ આપી કહેતાં, “લુચ્ચો આવી ગયો.”ગોપાલ દાદી સામે કંઈક અપેક્ષાની નજરે જોતો, દાદી પોતાની સાડીના પાલવમાં બાંધેલા પૈસામાંથી એક-એક રૂપિયો કાઢતી ને ગોપાલના હાથમાં મુકતી. ગોપાલ ઊભો થાય કે તરત કહેતી, “એક રૂપિયો મોટીને આપજે.” દાદી ગોપાલની મોટી બહેનને મોટી કહેતાં. એટલે બહેનનું નામ શ્વેતા હોવા છતાં ઘરમાં તેને બધાં જ મોટી કહેતાં. ગોપાલ દોડતો સ્કૂલની બહાર ઊભી રહેતી લારી ઉપર પહોંચી જતો. કોઠું, બોર, ચણા જેવું કંઈક ખાતો. ઘરનો આર્થિક કારોબાર હજી દાદીએ પોતાની પાસે રાખ્યો હતો. પપ્પા રોજની કમાણી દાદીના હાથમાં જ મૂકતા. મમ્મીને પણ ઘરને સામાન લાવવા માટે દાદી પાસેથી પૈસા લેવા પડતા. ગોપાલ રોજ જોતો કે, પપ્પા પાછા આવે ત્યારે થાકીને લોથપોથ થઈ ગયા હોય. ગોપાલને કાયમ વિચાર આવતો કે, પોતે ભણીને મોટો થશે; પછી પપ્પાને લારી ચલાવવી નહીં પડે. ગોપાલ જ્યારે પણ ઘરેથી નીકળતો ત્યારે રસ્તા પરની દુકાનો જોતો. એને થતું કે, મારા પપ્પા પાસે પણ આવી દુકાન હોય તો કેવું


પ્રશાંત દયાળ

સારું! તેની કલ્પના સાચી પણ પડી. ઉનાળાની સીઝનમાં બધા ફળિયામાં બહાર જ ઊંઘતા હતાં. પાડોશીઓ પણ પોતાના ખાટલા બહાર ઢાળતાં. એક દિવસ એના પપ્પા પડોશમાં રહેતા કાકા સાથે વાત કરી રહ્યા હતા. ત્યારે પાડોશીએ કહ્યું, “ક્યાં સુધી આ રીતે લારી ખેંચશો, બીજા કંઈક ધંધાનો વિચાર કરો.”પપ્પાએ કહ્યું, “ભાઈ, આપણી પાસે મૂડી અને જગ્યા ક્યાં છે?”તરત પેલા કાકાએ કહ્યું મૂડીની તો ખબર નથી; પણ આપણા મિત્ર ચતુરભાઈની ચોકમાં દુકાન છે તે ખાલી છે. એ મને કહેતા હતા, દુકાન ભાડે આપવાની છે.”પપ્પા વિચાર કરવા લાગ્યા. પપ્પાએ પૂછ્યું, “ભાડું કેટલું છે?”કાકાએ કહ્યું, “હજાર કહે છે, પણ આપણે વાત કરીશું તો સો-બસો ઓછા કરશે.”તે રાત્રે દુકાનના વિચારોમાં પપ્પાને આખી રાત ઊંઘ આવી નહીં. ઘરમાં નિયમ હતો કે, કોઈપણ નવો નિર્ણય કરવાનો હોય; તો દાદીની મંજૂરી અચૂક લેવાની જ.સવારે પપ્પાએ દાદીને આખી વાત કરી. દાદી માળા કરી રહ્યાં હતાં. પહેલાં તો તે કંઈ બોલ્યા નહીં, પણ માળાનું ફૂમતું તેમનાં હાથે અડતા જ; માળા આંખને અડાડી માળાની થેલીમાં પાછી મૂકતાં પૂછ્યું, “ધંધો શેનો કરીશ?”પપ્પાએ રાત્રે જ તેનો વિચાર કર્યો હતો, એટલે તરત જવાબ આપ્યો, “બા, રેડીમેડ કપડાંનો. આપણાં રખિયાલમાં કોઈ દુકાન નથી. લોકો કપડાં લેવા સિટીમાં જાય છે.” બા ગંભીરતાપૂર્વક વિચાર કરવા લાગ્યાં. તેમને પપ્પાની વાતમાં દમ લાગ્યો હોય તેવું તેમના ચહેરા પરથી જણાતું હતું. પપ્પાએ પોતાના પક્ષમાં વધુ લોકોને સામેલ કરવા મમ્મીને પૂછ્યું, “તને શું લાગે છે?”મમ્મીએ કાયમ મુજબ જવાબ આપ્યો, “તમને ઠીક લાગે તેવું કરો. હું તમારી સાથે જ છું.”મમ્મી ક્યારેય પોતાનો મત કહેતી નહોતી. કાયમ તેનો આ જ જવાબ રહેતો. બાએ છેલ્લો સવાલ પૂછ્યો “ધંધો કરવા માટે પૈસા છે?”પપ્પા ચૂપ થઈ ગયા. મમ્મી પાસે તો પૈસા હોવાનો સવાલ જ નહોતો. પપ્પા પાસે પણ તેવી કોઈ વ્યવસ્થા તો નહોતી જ. છતાં તેમણે કહ્યું, “મારા બે ત્રણ મિત્રો મદદ કરશે.” બાએ પપ્પા સામે જોયું અને પછી તરત પોતાના ગળામાં રહેલી સોનાની થોડીક જાડી કહી શકાય એવી સોનાની ચેઇન કાઢી. પપ્પાના હાથમાં મૂકતાં કહ્યું, “મારાં લગ્ન વખતે પિયરથી લાવી હતી. વેચી નાખ.” પપ્પા અને મમ્મી સ્તબ્ધ થઈ ગયાં. મમ્મીએ તરત કહ્યું, “બા, સોનુ વેચીને ધંધો થોડો કરાય!” દાદીએ મમ્મી સામે જોયું. દાદીને લાગ્યું કે, મમ્મી તેનો આદેશ ઉથાપી રહી છે. મમ્મી કંઈ જ બોલી શકી નહીં અને પપ્પાની નાનકડી કપડાંની દુકાન મહિનામાં જ શરૂ થઈ ગઈ.

# રાજકોટ જિલ્લામાં ચોમાસા પૂર્વે 27 ડેમ કેનાલોની મરામતનું કામ શરૂ

## જિલ્લા કલેક્ટરની સૂચના મુજબ સિંચાઈ વિભાગની પ્રિ-મોન્સૂન પ્રીપેર્ડનેસ પૂરજોશમાં : હોનારત ઘટાડવા એક્શન પ્લાન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન' અંતર્ગત પ્રિ-મોન્સૂન પ્રીપેર્ડનેસની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરની સૂચના મુજબ સિંચાઈ વિભાગે જિલ્લાના વિવિધ જળાશયો અને કેનાલોની જાળવણી અને મરામતની કામગીરી વેગવાન બનાવી છે. આ આગોતરી તૈયારીઓનો હેતુ ચોમાસા દરમિયાન સંભવિત હોનારતો કે અનિચ્છનીય ઘટનાઓ નિવારવાનો અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે જોવાનો છે.


તાજેતરમાં કલેક્ટર કચેરી ખાતે પ્રિ-મોન્સૂન પ્રીપેર્ડનેસ અંગે બેઠક યોજાઈ હતી. જેમાં સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર આકાશ પટેલ



સહિતના અધિકારીઓને આવશ્યક આદેશો આપવામાં આવ્યા છે, જેમાં જિલ્લાના તમામ ડેમ અને કેનાલોની ટેકનિકલ ચકાસણી કરવા અને જળાશયોની મજબૂતીની જવાબદારીપૂર્વક તપાસ કરવા જણાવાયું છે. ખાસ કરીને જે ડેમોમાં સમારકામની જરૂર હોય ત્યાં યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરવા સૂચના અપાઈ છે. તેમજ ચોમાસા દરમિયાન ડેમની સપાટીની ચોક્કસ વિગતો નિયમિતપણે જિલ્લા અને તાલુકા કંટ્રોલ રૂમને મોકલવા માટેનું માળખું પણ તૈયાર કરવામાં આવ્યંક છે.

### તમામ ડેમ સાઈટ પર ટેલીફોન-વાયરલેસ સેટ કાર્યરત કરાશે

પૂર જેવી કટોકટીની સ્થિતિમાં જાન-માલનું નુકસાન અટકાવવા માટે 'ફ્લડ મેમોરેન્ડમ'ની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. તમામ ડેમ સાઈટ પર ટેલિફોન અને વાયરલેસ સેટ જેવા સંદેશા વ્યવહારના સાધનો સતત કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવા જણાવાયું છે. નદીના પટમાં રહેલા અવરોધો દૂર કરવા, અસરગ્રસ્ત થઈ શકે તેવા ગામોની યાદી ચકાસવી અને ડેમ ઓવરફ્લો થાય ત્યારે સમયસર જાણ કરવાની પ્રક્રિયાને વધુ સચોટ બનાવવા તંત્ર કટિબદ્ધ છે.



# રાજકોટમાં IPL ફેન પાર્કનો ધમાકો ફ્રી એન્ટ્રી સાથે ડબલ મજા

## ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાં શનિ-રવિ જલસા : સંગીત-ગેમઝોન સાથે મેચ નિહાળો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ચૌધરી હાઈસ્કુલમાં બે દિવસીય ટાટા આઈપિએલ ફેનપાર્કનું ફ્રીમાં આયોજન કરાયું છે.જેમાં હીટવેવ વચ્ચે ક્રિકેટ રસિકો માટે છત્રી- ઠંડાપીણા- ગેમઝોન- સંગીત સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. કાલે ૯ મેં ના રોજ રાજેસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન વચ્ચે મેચ રમાશે.જયારે ૧૦ મેના રોજ ચેન્નઈ સુપર કિંગ અને લખનો સુપર જાઈન્ટસ, રોયલ ચેલેન્જ બેંગ્લુરુ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે.

ક્રિકેટ, ખેલાડીઓ, મનપસંદ ટીમ્સ અને બીજા ઘણા બધા માટેના પોતાના પ્રેમને વ્યકત કરતા સર્વાધિક ઘેલા ચાહકોની સાથે




આઈપીએલ ૨૦૨૬ ફેન પાર્કસમાં ચાહકોને આકર્ષે છે. ૫૦ શહેરોમાં ચાહકોને સ્પર્શતા ફેન પાર્કસ દેશભરમાં આઈપીએલ ફીવરને ટેકઓવર કરવા તૈયાર છે. જાયન્ટ સ્ક્રીન્સ પર ઝડપી લેવામાં આવનાર દરેક શ્વાસ થંભાવતી ક્ષણ સાથે, દરેક સ્થળ ચાહકોને સ્ટેડિયમ જેવી લાગણી કરાવનારું લાઈવ પ્રસારણ કરશે. કોઈ પણ ચાહક આને ચૂકશે નહીં કેમ કે પ્રવેશ બિલકુલ મફત છે તથા સંગીત, મરચન્ડાઈઝ, ફૂડ સ્ટોલ્સ, પીણાં અને આઈપીએલના અધિકૃત આયોજકો દ્વારા કેટલીક મનોરંજક પ્રવૃત્તિ સાથે મસ્તી અને રોમાંચ બમણાં થઈ જશે.આટલી બધી મઝા સાથે, પોતાની ટીમ્સ માટે ચિચીયારીઓ પાડતા ચાહકોને એવું લાગશે કે જાણે તેઓ સ્ટેડિયમમાં જ છે! રોમાંચ અને ઉત્તેજનામાં ઉમેરો કરવા, ફેન પાર્કસની મુલાકાત લઈ રહેલી વ્યક્તિઓ પોતાની મનપસંદ ટીમ, ખેલાડી અથવા ક્રિકેટ માટેના પોતાના પ્રેમને વ્યકત કરવા દ્વારા પોતાની ફેન મોમેન્ટસ દર્શાવવાને પાત્ર હશે.

દરેક સીઝન અગાઉ કરતા વધારે મોટી થતી જાય છે, આ વખતે ૧૦ લાખ ક્રિકેટ પ્રેમીઓનું અપેક્ષિત ટર્નઆઉટ ફેન પાર્કસમાં ઘેલછાનો અનુભવ કરશે.બાઉન્ડ્રી પરની હિટસ, હેટ્રિક્સ, અને સ્પિન્સના સાક્ષી બનવા માટે તમારા શહેરના ફેન પાર્કમાં તમારી ચાહતને જિવંત બનાવો. ભલે ત્યારે, કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે!

# રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો કાલે જન્મદિવસ

## કિરીટભાઈ કેસરીયા દ્વારા આગામી સમયમાં જ રઘુવંશી દિકરા-દિકરીઓ માટે 'નિશુલ્ક રઘુવંશી મહા પરીચય મેળો' યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો કાલે શનીવારના રોજ ૭૩ માં વર્ષમાં મંગલ પ્રવેશ સૌરાષ્ટ્રના સેવાક્ષેત્રમાં અનેક સંસ્થા સાથે જોડાયેલા કિરીટભાઈ કેસરીયાનુ નામ એક અદના કાર્યકર તરીકે જાણીતુ છે. તન, મન, ધન, વચન, કર્મથી સતત સક્રિય અને યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી સેવારત કિરીટભાઈ છેલ્લા ૨૮ વર્ષથી ખાસ કરી લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા દિકરીના વેવિશાળના મુદ્દે કાર્યરત છે. સમગ્ર ભારતમાં નવા જમાનાને અનુરૂપ વોટસએપ દ્વારા ૮૫ ગ્રુપની શરૂઆત કરી હજારો દિકરા-દિકરીઓની માહિતી ઘેર બેઠા



પરસ્પર મળી રહે તે માટે બાયોડેટાની આપ-લે કરી નવતર પ્રયાસ કર્યો છે, રાજકોટના નામાંકિત રઘુવંશી અગ્રણીઓ, વેપારીઓ, ઉધોગપતિઓ કિરીટભાઈની આ સેવાનો લાભ લેવા સ તત્પર હોય છે અને તે લોકોની પ્રશંસાપાત્ર બની ગયેલ છે. રઘુવંશી સમાજ માટે આશીર્વાદરૂપ સેવા વિનામુલ્યે અને વિના અપેક્ષાએ કિરીટભાઈ ચલાવી રહ્યાં છે. હવે મેરેજ બ્યુરો સુધી કારણોવસાત ન પહોંચી શકતા લોકો માટે વોટસએપથી સેવા એટલે મેરેજ બ્યુરો સેવા તમારી મુઠ્ઠીમાં કે તમારા આંગળીના ટેરવે એવુ કહેવાતુ થયું છે.

કિરીટભાઈ કેરારીયાની માનવતાવાદી સેવા ખુબ જ સહજ અને સમાજ પ્રત્યેની પોતાની પવિત્ર સેવા સમજી કરી રહ્યા. ઉપરાંત રાજકોટમાં તેના સેજોંદા ક્રમમાં સવારથી રાતનાં મોડે સુધી કિરીટભાઈનો મોબાઈલ રણકતો રહે છે અને દરેક લોકોને પ્રેમપૂર્વક જવાબો અને માર્ગદર્શન આપે છે. ગુજરાત ગૌરવ કાઉન્ડેશનમાં એડમીન તરીકે કિરીટભાઈ સેવા આપી રહ્યાં છે. આ વિશ્વના એકમાત્ર ગુજરાતીઓનું મોટું કાઉન્ડેશન છે જેમાં ૨ લાખ મેમ્બર બનાવવાનું સંકલ્પ છે.

કિરીટભાઈ આ ઉપરાંત અનેક મેરેજ બ્યુરોમાં પોતાની નિઃસ્વાર્થ સેવા આપી રહયા છે. અનેક દિકરા દિકરીઓના સગપણો તેઓના દ્વારા થયા છે. કિરીટભાઈ કેસરીયા લોહાણા મહાપરિષદ મેરેજ બ્યુરો કમિટી, અખિલ ગુજરાત લોહાણા સમાજ, અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના, રઘુવસી પરિવાર સહિતની જ્ઞાતી સંસ્થાઓમાં સતત સક્રિય છે. બિલેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે. વિજય બેંકમાં અધિકારી પદે રહી નિવૃત થયેલા શ્રી કિરીટભાઈ હાલમાં નાગરિક બેંકની યાજ્ઞીક રોડ શાખામાં વિકાસ કમિટીમાં પણ મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે. સંબંધોના માનવી એવા કિરીટભાઈ કોઈપણ જાણીતા કે અજાણ્યા લોકોને મુશ્કેલીમાં સહાયરૂપ થવા તત્પર રહે છે.

રઘુવંશી સમાજના મૂક સેવક કિરીટભાઈ કેસરીયાને જન્મદિન નિમીતે શુભેચ્છા, આશીર્વાદ આપવા મો. ૭૯૮૪૫ ૦૭૭૭૦, કિરીટભાઈ કેસરીયા- વ્હોટસએપ મો. નં. ૯૮૨૪૨ ૨૪૨૭૦

# 8મે થેલેસેમિયા ડેઃ જૂનાગઢના ટ્રસ્ટની પ્રેરણાદાયક કામગીરી

» અવસાન બાદ કુરિવાજો દૂર કરી ૫૧૦૦૦ ના ભંડોળથી સંસ્થા શરૂ થઈ

» કુંડળી નહીં મળે તો ચાલશે, પણ થેલેસેમિયા ટેસ્ટ જરૂરીઃ ટ્રસ્ટનું સૂત્ર

» વૃદ્ધાવસ્થાના કારણે ટ્રસ્ટ સંકેલ્યું, પણ ૩ લાખના દાનથી સેવા અવિરત

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

૮ મે એટલે વિશ્વ થેલેસેમિયા ડે. જૂનાગઢની સેવાભાવી સંસ્થા માતુશ્રી મણી દવે નૂતન અભિગમ ટ્રસ્ટ દ્વારા થેલેસેમિયા રોગ અંગે જાગૃતિ લાવવાની યાદગાર અને ભગીરથ કામગીરી કરવામાં આવી છે. ૧૯૯૪ માં મણી દવેના અવસાન પછી સામાજિક કુરિવાજો દૂર કરવાની જાહેરાત કરાઈ હતી. તેમની રજત તુલા કરી તેમાં રકમ ઉમેરી ૫૧૦૦૦ રૂપિયાનું દાન કવિ મનોજ ખંડેરિયાને અર્પણ કરી આ ટ્રસ્ટની શરૂઆત કરવામાં આવી હતી.

ટ્રસ્ટના પ્રમુખ શશીકાંત દવે, ઉપપ્રમુખ ડો. જી. કે. ગજેરા અને મંત્રી નરેન્દ્ર દવે સહિતના અગ્રણીઓએ થેલેસેમિયા મેજર રોગ અટકાવવા મહાઅભિયાન ચલાવ્યું હતું. સંસ્થાએ અપરણિત યુવક-યુવતીઓના લોહી પરીક્ષણ કેમ્પ યોજી સર્ટિફિકેટ આપ્યા અને જાગૃતિ લાવી કે, "લગ્ન સમયે કુંડળી નહીં મેળવશો તો ચાલશે, પણ થેલેસેમિયા સર્ટિફિકેટ નહિ મેળવો તો નહીં ચાલે." સંસ્થાની રજૂઆતથી થેલેસેમિયા પીડિતોને એસટી અને રેલવે મુસાફરીમાં રાહત પણ મળી હતી. આ કામગીરીની નોંધ લઈ ૧ મે ૧૯૯૭ ના રોજ રાજ્યપાલ અને મુખ્યમંત્રી દ્વારા ગાંધીનગર ખાતે શશીકાંત દવે અને મણી દવેનું બહુમાન કરાયું હતું.

હાલમાં શશીકાંત દવેની ઉંમર ૯૦ વર્ષ આસપાસ થતાં તેમણે ટ્રસ્ટ સંકેલી લીધું છે. પરંતુ સેવાકાર્ય અવિરત ચાલુ રહે તે માટે સંસ્થાના ભંડોળમાંથી નવજીવન બ્લડ બેંક (ગજેરા પેથોલોજી લેબોરેટરી) ને ૨૦૦૦૦૦ અને હાટકેશ હોસ્પિટલને ૧૦૦૦૦૦ રૂપિયાનું શરતી દાન આપ્યું છે. આ રકમના વ્યાજમાંથી દર વર્ષે ૮ મેના રોજ નિશુલ્ક થેલેસેમિયા ટેસ્ટ કરી આપવામાં આવશે.




## બે માઈનોર વાહકોના લગ્નથી મેજર બાળકનો ખતરો

થેલેસેમિયા માઈનોર વ્યક્તિ સંપૂર્ણ તંદુરસ્ત હોય છે. દાખલા તરીકે, અમિતાભ બચ્ચન પોતે થેલેસેમિયા માઈનોર છે, પણ જયા બચ્ચન નોર્મલ હોવાથી તેમના બાળકો તંદુરસ્ત છે. જો બે થેલેસેમિયા માઈનોર વાહકો અજાણતા પરણે, તો તેમને ત્યાં થેલેસેમિયા મેજર બાળક જન્મવાની શક્યતા રહે છે. મેજર વાહક બાળકને લોહીની ઉણપ રહે છે, જેથી દર ૧૫ થી ૨૦ દિવસે નવું લોહી ચડાવવું પડે છે અને આયુષ્ય ટૂંકું હોય છે. આથી લગ્ન પહેલાં લોહીનો ટેસ્ટ કરાવવો અત્યંત જરૂરી છે.

# રાજકોટના કાવ્ય ખીમાણીએ ધોરણ 10માં મેળવ્યો A1 ગ્રેડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ ધોરણ ૧૦ (SSC) ના પરિણામમાં રાજકોટ સ્થિત ડ્રાયફ્રુટના જાણીતા હોલસેલ વેપારી પરાગભાઈ પ્રવિણભાઈ ખીમાણી (બાંટવા વાળા) ના પુત્ર અને ધોળકિયા સ્કૂલ (ઈંગ્લીશ મીડીયમ) ના વિદ્યાર્થી કાવ્યએ પોતાની પ્રતિભાનો પરિચય આપતા ૯૮.૦૨ પર્સન્ટાઈલ (PR) સાથે A૧ ગ્રેડ હાંસલ કર્યો છે. કાવ્યએ વિજ્ઞાન અને ગણિત જેવા અઘરા વિષયોમાં ૧૦૦ માંથી ૯૮ ગુણ મેળવી, કુલ ૬૦૦ માંથી ૫૫૯ ગુણ પ્રાપ્ત કરીને ટોપર્સની યાદીમાં સ્થાન મેળવ્યું છે. તેની આ અપ્રતિમ શૈક્ષણિક સિદ્ધિએ સમગ્ર ખીમાણી પરિવાર અને ધોળકિયા સ્કૂલનું નામ રોશન કર્યું છે. કાવ્યની આ ભવ્ય સફળતા પાછળ તેની અથાગ મહેનત, ચોક્કસ આયોજન અને પિતા પરાગભાઈ તથા માતા રેનાબેન ખીમાણી તેમજ સમગ્ર પરિવારનું સતત પ્રોત્સાહન રહેલું છે. કાવ્યએ પોતાની આ સફળતાનો શ્રેય તેના માતા-પિતાના આશીર્વાદ અને ગુરુજનોના યોગ્ય માર્ગદર્શનને આપ્યો છે. આ સફળતા બદલ પરાગભાઈ ખીમાણી (મો. 9408663063) પર સ્નેહીજનો, મિત્રવર્તુળ અને વેપારી અગ્રણીઓ તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે. ભવિષ્યમાં પણ કાવ્ય ઉચ્ચ લક્ષ્યો હાંસલ કરી સફળતાના નવા શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.



# મનપાના વોર્ડ 15 અને વોર્ડ 18માં ગેરકાયદેસર 9 દબાણો દુર કરાયા

## આજીડેમ ચોકડી પાસે ટ્રાફિક પોલીસ સ્ટેશનની બાજુમાંથી દબાણો હટાવી રૂ. ૨૧ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા (IAS) ના માર્ગદર્શન અને ટાઉન પ્લાનીંગ ઓફિસર આર.ડી. પરમારના નિર્દેશન હેઠળ શહેરના પૂર્વ ઝોનમાં મોટા પાયે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તારીખ ૦૬/૦૫/૨૦૨૬ના રોજ કરવામાં આવેલી આ કાર્યવાહીમાં કરોડો રૂપિયાની કિંમતની અંદાજે ૩૫૧૮ ચોરસ મીટર જમીન પરથી અન-અધિકૃત બાંધકામો દૂર કરવામાં આવ્યા છે. ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા પૂર્વ ઝોનના બે અલગ-અલગ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરવામાં આવી હતી જેમાં વોર્ડ નં. ૧૫ આજીડેમ ચોકડી પાસે ટ્રાફિક પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલા મોંઘા



પ્લોટમાં ગેરકાયદેસર રીતે ઉભી કરી દેવાયેલી ૩ ઓરડીઓ તોડી પાડવામાં આવી હતી. આ અંદાજે ૩૫૧૮.૬૭ ચો.મી. જમીન છે, જેની બજાર કિંમત આશરે ૨૧,૧૧,૨૦,૨૦૦/- (૨૧ કરોડથી વધુ) અંકાય છે. જ્યારે વોર્ડ નં. ૧૮ (સીતારામ સોસાયટી)ઃ અહીં સોસાયટીના જાહેર માર્ગો પર થાંભલા નાખીને કરવામાં આવેલી આડસ અને દબાણો દૂર કરી કુલ છ રોડ ખુલ્લા કરવામાં આવ્યા હતા.

# સરગમ ક્લબનો ફ્રી જયપુર ફૂટ કેમ્પ

**» સરગમ ક્લબ અને લંડનના ઠકરાર પરિવારના સહયોગથી આયોજન**

**» ૩ દિવસના કેમ્પમાં ૮૦ દર્દીઓને વિનામૂલ્યે કૃત્રિમ પગ અપાયા**

**» આગામી નવો કેમ્પ હવે ૧ જૂનના રોજ ૩ દિવસ માટે યોજાશે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**









સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રે અગ્રેસર સરગમ ક્લબ દ્વારા શહેરમાં દિવ્યાંગો માટે વધુ એક ઉત્તમ સેવા પ્રવૃત્તિ કરવામાં આવી છે. સરગમ ક્લબ અને લંડન નિવાસી મંજુલા ઠકરારના સંયુક્ત ઉપક્રમે ૧ મે થી ૩ મે ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય ફ્રી જયપુર ફૂટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ ૮૦ જેટલા જરૂરિયાતમંદ દર્દીઓએ વિનામૂલ્યે સેવાનો લાભ લીધો હતો.

સરગમ ક્લબના પ્રમુખ ગુણવંત ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ ૩ દિવસના કેમ્પમાં ૩૪ દર્દીઓને કેલિપર્સ, ૩૨ દર્દીઓને કૃત્રિમ પગ અને ૧૪ દર્દીઓને રિપેરિંગની સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. રાજસ્થાનથી આવેલા નિષ્ણાત ડોક્ટરો જગનલાલ ચૌધરી, હેમંત શર્મા અને તુફાનસિંહ તોમરે દર્દીઓને તપાસીને કૃત્રિમ અંગો બેસાડવાની સેવા આપી હતી. કેમ્પમાં આવનારા તમામ દર્દીઓ માટે ચા-પાણીની નિશુલ્ક વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હતી.

આ સેવાકીય કેમ્પમાં લંડનના મંજુલા ઠકરાર, જયુ ઠકરાર અને શિલ્પા ઠકરાર પરિવારનો મુખ્ય આર્થિક સહયોગ મળ્યો હતો. કેમ્પને સફળ બનાવવા કમાણી ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ દીપક કમાણી, રશ્મિ કમાણી, કિશોર પરમાર, જે. કે. સરાઠે, કનૈયાલાલ ગજેરા, મધુરીકા જાડેજા, કૈલાશ વાળા, સુધા દોશી, જયશ્રી વ્યાસ, હર્ષા પીઠડીયા, આશા ભૂછડા અને ભાવના મહેતા સહિતની કમિટીએ ભારે જહેમત ઉઠાવી હતી.

દિવ્યાંગોની મુશ્કેલી સમજીને લંડન નિવાસી દાતા મંજુલા ઠકરાર દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે કે, હવેથી દર વર્ષે ૧ મેના રોજ આ ફ્રી જયપુર ફૂટ કેમ્પ યોજવામાં આવશે. આ ઉપરાંત, દર્દીઓની જરૂરિયાતને જોતા આગામી નવો કેમ્પ તારીખ ૧ જૂન ૨૦૨૬ ના રોજ ૩ દિવસ માટે યોજવાનું સત્તાવાર આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વધુ લાભાર્થીઓને કૃત્રિમ અંગોની ભેટ આપવામાં આવશે.

# કમિશનરને રજૂઆત બાદ ભક્તિનગર અને વાણિયાવાડીના ફુવારા ફરી શરૂ

**» લોક સંસદ વિચાર મંચ દ્વારા કરાયેલી રજૂઆતને મોટી સફળતા**

**» કાળઝાળ ગરમીમાં બંધ ફુવારાઓ શરૂ થતા લોકોને મળશે રાહત**

**» તંત્રની બેદરકારી અંગે આકરા પ્રહારો કરી તમામ ફુવારા શરૂ કરવા માંગ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**







રાજકોટમાં કાળઝાળ ગરમી વચ્ચે શહેરીજનો રાત્રે પરિવાર સાથે હરવા-ફરવા નીકળતા હોય છે, ત્યારે શહેરની શાન ગણાતા ફુવારાઓ બંધ હાલતમાં હોવાથી લોકોમાં રોષ જોવા મળ્યો હતો. આ મામલે લોક સંસદ વિચાર મંચ દ્વારા મનપા કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવતા આખરે તંત્ર જાગ્યું છે અને ભક્તિનગર સર્કલ તથા વાણિયાવાડી બગીચાના ફુવારાઓ ફરીથી શરૂ કરવામાં આવ્યા છે.

સંસ્થાના ગજેન્દ્રસિંહ ઝાલા, ઇન્દુભા રાઓલ, દિલીપ આસવાણી, નાગજી વિરાણી, હિંમત લાબડીયા અને નટુભા ઝાલાએ આક્ષેપ કર્યો હતો કે મનપાના અધિકારીઓ વિદેશમાં બગીચાના અભ્યાસ માટે જાય છે, પરંતુ રાજકોટના ફુવારાઓ ભંગાર અને હાડપિંજર સમાન બની ગયા છે. ગાર્ડન, ટ્રાફિક, રોશની અને બાંધકામ વિભાગ વચ્ચે સંકલનના અભાવે ફુવારા સુકાઈ ગયા હતા અને રેસકોર્સના મ્યુઝિકલ ફુવારાનું પણ કોઈ નામોનિશાન બચ્યું નથી.


બંધ ફુવારા મામલે ગત 30 એપ્રિલ ૨૦૨૬ ના રોજ મનપા કમિશનર તુષાર સુમેરાને લેખિત રજૂઆત કરાઈ હતી. આ ઉપરાંત વોર્ડ નંબર ૧૪ ના નવનિયુક્ત કોર્પોરેટરોને પણ રજૂઆત કરવામાં આવી હતી. આખરે આ રજૂઆતના સાર્થક પડઘા પડ્યા છે અને બંને સ્થળોએ ફુવારા શરૂ થયા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ ૧ કે ૨ દિવસમાં તેનું જરૂરી મેન્ટેનન્સ પણ પૂર્ણ કરી લેવામાં આવશે.

### શહેરના તમામ ફુવારા તાત્કાલિક શરૂ કરવા માંગ

લોક સંસદ વિચાર મંચે કમિશનરનો આભાર વ્યક્ત કરવાની સાથે ઉગ્ર માંગ ઉઠાવી છે કે, જવાબદાર તંત્રવાહકોની લાપરવાહીના કારણે બંધ પડેલા શહેરના તમામ ૧૨ જેટલા ફુવારાઓ તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે અને આ બાબતે જવાબદારી ફિક્સ કરવામાં આવે. તમામ વોર્ડના કોર્પોરેટરો સક્રિય બનીને પ્રજાને ઠંડક મળે તેવા પ્રયાસો કરે તેમજ મોટા સર્કલો પર આધુનિકીકરણ સાથેના નવા ફુવારાઓ બનાવવામાં આવે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

# માં શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા કાલે નવામાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન

## સંતો-મહંતો અને દાતાઓની હાજરીમાં સાત દીકરીઓ પ્રભુતામાં પગલા પાડશે



**સિટી ન્યૂઝ@રાજકોટ**

જુના મોરબી રોડ પર સતનામ પાર્ક સ્થિત માં શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા કાલે રેસકોર્ષ મેદાનમાં શ્રી નરભેરામભાઈ પાનાંચંદ મહેતા ખાતે નવામાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોઉત્સવનું આયોજન કરાયું છે.આ અંગેની માહિતી આપવા માટે પ્રમુખ પ્રજ્ઞાબેન દેશાણી, મહંત શ્રી કરશનદાસબાપુ દેસાણી, અનસુયાબેન મોરી, મહેશભાઈ રાજ્યગુરુ, ઉષાબેન મહેતા, ચંદ્રિકાબેન મહેતાએ રાજકોટ સીટી ન્યુઝની મુલાકાત લીધી હતી.

માં શક્તિ સેવા ટ્રસ્ટ દ્વારા સમાજમાં સેવાભાવ અને સામાજિક એકતા વધારવાના ઉદ્દેશ સાથે દર વર્ષે વિવિધ સેવાકીય પ્રવૃતિઓનું આયોજન કરવા માં આવે છે આ જ અનુસંધાનમાં આ વર્ષે નવમો સર્વજ્ઞાતિ સમૂહલગ્ન મહોત્સવનું ભવ્યઆયોજન રાજકોટ રેસકોર્સ બાલભવન ગેટ ૫ ખાતે તારીખ ૯/૦૫/૨૦૨૬ ના શનિવાર ના રોજ સાંજ ના ૬ કલાકે આયોજન કરવામાં આવેલ છે.છેલ્લા આઠ વર્ષ થી ટ્રસ્ટ ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આશાનું કિરણ બની રહેલ છે આ વર્ષે પણ ટ્રસ્ટ દ્વારા સાત દીકરીઓ ના સમૂહ લગ્નનું આયોજન કરી ને આર્થિક રીતે નબળા પરિવારોને સહાયરૂપ બની રહેલ છે.જેમાં સાંજે ૫:૦૦ કલાકે જાન આગમન, સાંજે હસ્ત મેળાપ, સત્કાર સંમારભ, ભોજન સમારભ, રાસની રમઝટ, જાન વિદાય થશે

આ મહોત્સવ માત્ર લગ્નનો કાર્યક્રમ નથી પરંતુ આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ પરિવાર માટે આશાનો દીવો છે. અહીં અનેક જોડીઓ એકસાથે નવા જીવનની શરૂઆત કરશે જ્યાં દાનદાતા ઓના સહયોગથી તેમને જરૂરી ઘરગથ્થુ સામાન અને આશીર્વાદ મળશે.જ્યાં લાગણી અને સેવા મળે છે સાથે ત્યાં અનેક જીંદગીઓમાં ખુશી નો જન્મ થાય છે.

# નવનાત વણિક સમાજ દ્વારા 16મેથી (NNVS કલબ)નો પ્રારંભ કરાશે

## માત્ર રૂ. 210માં પરિવારના ચાર સભ્યોને એન્ટ્રી : એક વર્ષમાં 9 થી વધુ કાર્યક્રમ અપાશે





**સિટી ન્યૂઝ@રાજકોટ**

નવનાત વણિક સમાજ દ્વારા તા. ૧૬-૫-૨૦૨૬થી નવનાત વણિક સમાજ કલબ (એનએનવીએસ કલબ)નો પ્રારંભ થવા જઈ રહ્યો છે. રાજકોટ સીટી ન્યુઝ ચેનલ ખાતે વિગતો વર્ણવતા કલબના આગેવાનોએ જણાવ્યુ હતુ કે નવ નાત વણિક સમાજે સફળતાના ૯૦૦ દિવસો પૂર્ણ કરેલ છે. જેના ભાગરૂપે એનએનવીએસ કલબનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. જેમાં ટોકન ફી રૂ.૨૧૦માં ચાર સભ્યોને મેમ્બરશીપ અપાશે.

વર્ષ દરમિયાન ૯ થી વધુ કાર્યક્રમોનો લાભ અપાશે. નવરાત્રી, ફેમીલી ટુર, ધાર્મિક દર્શન યાત્રા, અબોલજીવ અન્નદાન કાર્ય, સ્નેહ મિલન, મનોરંજન મ્યુઝીકલ પાર્ટી, ફની પાર્ટી, ડી.જે. પાર્ટી, શૈક્ષણિક તથા મેડીકલ અવેરનેસ કાર્યક્રમ તેમજ બાળકો માટે સેમીનાર સહીતના કાર્યક્રમો આયોજીત કરાશે. નવરાત્રી દરમિયાન કલબના સભ્યો માટે નવદિવસીય આયોજન કરાશે. જેમાં ફકત ફુડ પાસ એકસ્ટ્રા લેવાના થશે. ૧૧૦૦ પરિવારની નોંધણી થયે તુરંત નવરાત્રી માર્ગદર્શીકા જાહેર કરાશે. આ એનએનવીએસ કલબનો પ્રારંભ આગાતી તા. ૧૬ ના શનિવારે શ્રી જીરાવાલા પાર્શ્વનાથ દાદાના દર્શનથી કરાશે. આ રાજકોટથી શરૂઆત કરાઈ છે અને આગળ જતા વ્યાપ વધારી રાજકોટ જિલ્લામાં પણ ફલક વિસ્તારાશે.

વર્ણવતા નવનાત વણિક સમાજ કલબના આગેવાનો પ્રશાંતભાઈ શાહ, યોગેશભાઈ બાવીશી, સ્વીટીબેન મહેતા, જીજ્ઞેશભાઈ વાગડીયા, નમ્રતાબેન શાહ, જસ્મીભનભાઈ દેસાઈ, રમીલાબેન શાહ, દીપાલીબેન વોરા સહિતના આગેવાનો જોડાયા હતા.


# મધર્સ ડેઃ જોહર કાર્ડ્સ અને ગેલેરીમાં ગિફ્ટ્સનો ખજાનો




સિટી ન્યૂઝ@રાજકોટ

જેમના હૃદયમાંથી સદાય વાત્સલ્ય વહેતું રહે છે તેવી 'મા' એટલે મમત્વનો દરિયો. માતા પ્રત્યે ઋણ અદા કરવાનો અને પ્રેમ વ્યક્ત કરવાનો અવસર એટલે મધર્સ ડે. આ વર્ષે ૧૦ મે ૨૦૨૬, રવિવારના રોજ વિશ્વભરમાં મધર્સ ડેની ઉજવણી કરવામાં આવશે. આ નિમિત્તે માતાને યાદગાર ભેટ આપવા માટે રાજકોટમાં જોહર કાર્ડ્સ અને જોહર ગેલેરીમાં આકર્ષક ગિફ્ટ્સની વિશાળ રેન્જ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જોહર કાર્ડ્સના યુસુફઅલીભાઈ, હસનેનભાઈ અને કાલાવડ રોડ પર પ્રેમ મંદિરની લાઈનમાં આવેલી જોહર ગેલેરીના જોહરભાઈએ જણાવ્યું હતું કે, મધર્સ ડે માટે ખાસ વિવિધ પ્રકારની ગિફ્ટ્સ મંગાવવામાં આવી છે. જેમાં મધર લખેલા ગ્લાસ, શોપીસ, કોટેશન વાળી વુડન ફ્રેમ, રિસ્ટ વોચ, પર્સનલાઈઝ મગ, જ્વેલરી કોમ્બો સેટ, સિંગાપુર કંપનીની કોસ્મેટિક આઈટમ્સ, પરફ્યુમ, લેડીઝ ગોગલ્સ અને પર્સનલાઈઝ વોલેટ તેમજ કીચેઈનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત "એવરીડે ઈઝ ફુલ ઓફ મધર્સ લવ", "ફોર ધ વર્લ્ડસ બેસ્ટ મોમ એવર" જેવા ખાસ હૃદયસ્પર્શી મેસેજવાળા કાર્ડ્સ પણ ઉપલબ્ધ છે. મે મહિનાના ૨ જા રવિવારને મધર્સ ડે તરીકે ઉજવવાની શરૂઆત પાછળ એક રસપ્રદ ઈતિહાસ છે. ૧૮૫૦ માં આન્ના મારીયા રેવીસ જાવીસ નામની અમેરિકન મહિલાએ 'મધર્સ વર્ક ક્લબ' ની સ્થાપના કરી હતી. તેમણે યુદ્ધમાં ઘાયલ સૈનિકોની કોઈપણ ભેદભાવ વિના નિસ્વાર્થ સેવા કરી માનવતાની મિસાલ કાયમ કરી હતી. ૧૨ મે ૧૯૦૭ ના રોજ તેમના અવસાન બાદ, તેમની પુત્રી અન્ના જાર્વીસે પોતાની માતાના સત્કર્મોને જીવંત રાખવા અને વિશ્વભરની માતાઓને ગૌરવ અપાવવા આ દિવસ ઉજવવાનું એલાન કર્યું હતું. ત્યારબાદ અમેરિકન રાષ્ટ્રપતિ વુડ્રો વિલ્સને મે મહિનાને ૨ જા રવિવારને 'મધર્સ ડે' તરીકે જાહેર કરી તે દિવસે રાષ્ટ્રીય રજા ઘોષિત કરી હતી, ત્યારથી આંતરરાષ્ટ્રીય સ્તરે આ દિવસની ઉજવણી થાય છે.

## માર્કેટ અપડેટ્સ




| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SIMCA ADVERTISING | 8/5 | 12/5 | 174 - 183 | 1200 | 2,19,600 |
| GOLDLINE PHARMACEUTICAL | 12/5 | 14/5 | 41 - 43 | 6000 | 2,58,000 |
| RFBL FLEXI PACK | 12/5 | 14/5 | 47 - 50 | 6000 | 3,00,000 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- BSE લિમિટેડ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (FY૨૬) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના વાર્ષિક પરિણામો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૮% વધીને ૨૪૮૭ કરોડ થયો છે (ગયા વર્ષે ૧૩૨૨ કરોડ હતો). કુલ આવકઃ સમગ્ર વર્ષ દરમિયાન ૪૮૩૪ કરોડ નોંધાઈ છે. ઓપરેટિંગ પ્રોફિટઃ ૩૦૭૯ કરોડ રહ્યો છે, જે ૬૪% ઓપરેટિંગ માર્જિન દર્શાવે છે. શેર દીઠ કમાણી (EPS): ૬૧.૩૧ નોંધાઈ છે. ચોથા ક્વાર્ટર ના પરિણામો ચોખ્ખો નફોઃ ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીએ ૬૧% વધીને ૭૯૫ કરોડ થયો છે. કામકાજની આવકઃ વાર્ષિક ધોરણે ૮૫% ના ઉછાળા સાથે ૧૫૬૪ કરોડ પર પહોંચી છે.
- પિડિલાઈટ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (FY૨૬) ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના વાર્ષિક પરિણામો ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૧૭.૯% વધીને ૨૪૭૧ કરોડ થયો છે (ગયા વર્ષે ૨૦૯૬ કરોડ હતો). કુલ આવકઃ કામકાજ દ્વારા થતી આવક ૧૧.૧% વધીને ૧૪૫૫૩ કરોડ પર પહોંચી છે. EBITDA: ૧૬.૮% ના વધારા સાથે ૩૫૧૯ કરોડ રહ્યો છે, જેમાં માર્જિન ૨૪.૨% નોંધાયું છે. ચોથા ક્વાર્ટર ના પરિણામો ચોખ્ખો નફોઃ ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીએ ૩૯.૨% વધીને ૫૭૯ કરોડ થયો છે. કામકાજની આવકઃ વાર્ષિક ધોરણે ૧૪.૧% વધીને ૩૫૮૩ કરોડ થઈ છે. વોલ્યુમ ગ્રોથઃ આ ક્વાર્ટરમાં અન્ડરલાઈંગ વોલ્યુમ ગ્રોથ (UVG) ૧૫.૩% રહ્યો છે.
- CEIGALL INDIA ૭ મે, ૨૦૨૬ ના રોજ તેના ચોથા ક્વાર્ટર (Q૪) અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના શાનદાર પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટરના પરિણામો ચોખ્ખો નફો (NET PROFIT): વાર્ષિક ધોરણે ૭૦.૯% વધીને ૧૨૬.૬૧ કરોડ થયો છે (ગયા વર્ષે સમાન ગાળામાં ૭૪.૧૦ કરોડ હતો). કુલ આવક (REVENUE): ઓપરેશનલ આવક ૩૭.૧% વધીને ૧,૩૮૬.૫૧ કરોડ નોંધાઈ છે. EBITDA: તે વધીને ૨૨૩.૫૫ કરોડ થયું છે, અને માર્જિન ૧૨.૬% થી વધીને ૧૬.૧% થયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નું પ્રદર્શન વાર્ષિક નફોઃ સમગ્ર વર્ષ માટે કંપનીનો ચોખ્ખો નફો ૩૦૮.૯૨ કરોડ રહ્યો છે, જે ગયા વર્ષ કરતા ૭.૮% વધુ છે. કુલ વાર્ષિક આવકઃ કંપનીએ કુલ ૪,૦૨૨.૪૦ કરોડની આવક મેળવી છે (૧૭.૧% ની વૃદ્ધિ). ઓર્ડર બુકઃ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં કંપની પાસે ૧૮,૫૫૪.૩ કરોડની મજબૂત ઓર્ડર બુક છે.
- એમઆરએફ લિમિટેડ (MRF LTD.) ૭ મે, ૨૦૨૬ ના રોજ તેના ચોથા ક્વાર્ટર (Q૪) અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (FY૨૬) ના મજબૂત નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટરના પરિણામો ચોખ્ખો નફો (NET PROFIT): ક્વાર્ટર દરમિયાન કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૩૭.૬% વધીને ૭૦૨.૨૫ કરોડ નોંધાયો છે (ગયા વર્ષે આ જ સમયગાળામાં ૫૧૦.૫૦ કરોડ હતો). કુલ આવક (REVENUE): ઓપરેશનલ આવક ૧૩.૭% વધીને ૮,૦૪૪.૨૨ કરોડ થઈ છે. EBITDA: તે ૨૧.૩% વધીને ૧,૩૦૪ કરોડ થયું છે, અને EBITDA માર્જિન વધીને ૧૬.૨% નોંધાયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નું પ્રદર્શન વાર્ષિક નફોઃ સમગ્ર વર્ષ માટે કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૨૯.૫% વધીને ૨,૪૨૬.૧૦ કરોડ રહ્યો છે. વેચાણનો આંકડોઃ કંપનીએ પ્રથમ વખત ૩૦,૦૦૦ કરોડના વેચાણનો આંકડો પાર કર્યો છે. કુલ વાર્ષિક આવક ૩૧,૬૫૪ કરોડ નોંધાઈ છે.
- થર્મલ અને એન્વાયર્નમેન્ટ સોલ્યુશન્સ ક્ષેત્રની અગ્રણી કંપની થર્મેક્સ લિમિટેડ (THERMAX LTD.) ૭ મે, ૨૦૨૬ ના રોજ તેના ચોથા ક્વાર્ટર (Q૪) અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના શાનદાર પરિણામો જાહેર કર્યા છે. ચોથા ક્વાર્ટરના પરિણામો ચોખ્ખો નફો (NET PROFIT): ક્વાર્ટર દરમિયાન ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૮% વધીને ૨૪૪ કરોડ નોંધાયો છે. કુલ આવક (REVENUE): ઓપરેશનલ આવક ૧૩% વધીને ૩,૪૨૮ કરોડ થઈ છે. ઓર્ડર બુકિંગઃ ક્વાર્ટર દરમિયાન ઓર્ડર બુકિંગમાં ૧૧૨% નો મોટો ઉછાળો જોવા મળ્યો છે, જે ૪,૪૯૦ કરોડ પર પહોંચ્યું છે. આ વૃદ્ધિ પાછળ ૧,૬૦૦ કરોડનો એક મોટો બોઈલર પેકેજ કોન્ટ્રાક્ટ મુખ્ય કારણ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નું પ્રદર્શન વાર્ષિક નફોઃ સમગ્ર વર્ષ માટે કંપનીનો ચોખ્ખો નફો ૭૨૦ કરોડ રહ્યો છે, જે ગયા વર્ષ કરતા ૧૫% વધુ છે. કુલ વાર્ષિક આવકઃ કંપનીએ કુલ ૧૦,૬૯૪ કરોડની આવક મેળવી છે. કુલ ઓર્ડર બેલેન્સઃ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં કંપની પાસે ૧૩,૬૦૪ કરોડના ઓર્ડર પેન્ડિંગ છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**